2012 Before -Satpanthi Ginans (with outwardly Hindu look) (333)

અનુક્રમણિકા

અનુક્રમણિકા

૧.સદ્ગોર બ્રહ્માજીની આરતી

ગોર બ્રહ્માની આરતીને ચમ્મળ ઢોળાય.
ચંદન ને કેશરના સ્વામીજીને છાંટણા છંટાય.

પહેલા કર્તાયુગમાં શાહોજીને સોનાના છે પાટ.
સોનાનાં સિંહાસન બેઠા નરસિંહ રૂપે ભગવાન.

બીજા ત્રેતા યુગમાં શાહોજીને રૂપાનાં છે પાટ.
રૂપાને સિંહાસન બેઠા શ્રી રામચંદ્ર ભગવાન.

ત્રીજા દ્વાપર યુગમાં શાહોજીને તાંબાના છે પાટ.
તાંબાના સિંહાસન બેઠા શ્રી કૃષ્ણચંદ્ર ભગવાન.

ચોથા કળજુગમાં શાહોજીને માટીનાં છે પાટ.
માંટીનાં સિંહાસન બેઠા શ્રી નર નકલંકી ભગવાન.

આ રે આરતી , *"શ્રી સદ્ગુરૂ બ્રહ્માજીએ ગાય"*
જાંબુદ્વિપમાં હાજર બેઠા શ્રી નર નકલંકી ભગવાન.

ગોર બ્રહ્માની આરતીને ચમ્મળ ઢોળાય.
ચંદન ને કેશરના સ્વામીજીને છાંટણા છંટાય.

૨. સતપંથ ઓરી ઓરી અળગા ન રહીએ

સતપંથ ઓરી ઓરી અળગા ન રહીએ
અમ્રુત પીએ ને મુખે જુઠુ ન કહીએ
આવો વીરા મારા મોતીનાં વેપારી
મોતીડા એરંતા મારા વાલે વાતો વીસારી
મારૂ - તારૂ કરતા તો જનમ ગુમાવ્યો
હિરલા સરખો રે તારો મનખો દુ:ભાયો
શરીર તમારૂં ને ફુલડાં નો ભારો
નથી રે મળવાનો લગારે ઉજારો
ભુલી છે દુનિયા ને મર્મ ન જાણીયો
અલખ નિરંજન ઇમામશાહ પીછાણો
દાન કરો વીરા જમણા રે હાથે
અંત:કાળે આવે આપણા જીવની સંગાથે
દાન કરો વીરા સુપાત્ર જોઇ
પુજાનાં ફળ પામો રે સોઇ
એ રે જ્ઞાન બોલ્યા "સદ્ગોર*ઇમામશાહ*"
સેવક જાણીને શાહ મારે પરદા જો ખોલ્યા
પરદા જો ખોલ્યા સાહેબ નજરે જો મળીયા
લખ રે ચોરાસી જીવના ફેરા જો ટળીયા.

૩. પહેલા ધંધુકારમાં આપે નિરંજન

પહેલા ધંધુકારમાં આપે નિરંજન
ત્યાં રચનાઓ કુદરતે સાંધી રે..........અભી તૈયા તમે
છત્રીસ જુગને ચોર્યાસી ચોકડી
ત્યાં એક જ ધ્યાને નર રહીયા રે..........અભી તૈયા તમે
જીસ દીન માતા ન પિતા ન બંધવા
ત્યાં મન સંતો કે પરિબ્રહ્મા રે..........અભી તૈયા તમે
તમે એક ઈંડ છેડીને ત્રણ ભુવન સરજીયા
ત્યારે ચૌદ ભુવન મોલ પેદા કિધા રે..........અભી તૈયા તમે
આકાશ આરંભે ને મુલસ્થાન ની રચના કીધી
ત્યારે ધરતી ના સ્થાનકે વસતા રે..........અભી તૈયા તમે
ધરતીના સ્થાનકે એક સ્થંભ જો કહીયે
ત્યાં ચૌદ સ્થાનક કહીએ રે..........અભી તૈયા તમે
તમે વેદને આધારે હો ગોર બ્રહ્માજી સરજીયા
ત્યાં પવન ભાર જીસ લાઈવા રે..........અભી તૈયા તમે
તમે પવન પાણીમાં પાખણ જોડીયા
ત્યારે જળમાં બંધ તમે બાંધીયા રે..........અભી તૈયા તમે
તમે હંસ લીલા આરંભ પવન ફેરવીયા
ત્યારે પવન ભાર સ્થંભી ગયા રે..........અભી તૈયા તમે
તમે પહેલા આદિત વારે ઉપજીયા હો સ્વામી
ત્યારે ચૌદ ભુવન મોલ પેદા કીધા રે..........અભી તૈયા તમે
તમે બીજા સોમવાર ના દિને ઉપજીયા હો સ્વામી
ત્યાારે નવખંડ પૃથ્વી પેદા કિધી રે..........અભી તૈયા તમે
તમે મંગળવારના દિને ઉપજીયા હો સ્વામી
ત્યારે અષ્ટકુળ પર્વત પેદા કિધા રે..........અભી તૈયા તમે
તમે બુધવારના દિને ઉપજીયા હો સ્વામી
ત્યારે સાત સમુદ્ર, નવસો નવ્વાણુ નદીઓ પેદા કિધી રે..........અભી તૈયા તમે
તમે ગુરૂવારના દિને ઉપજીયા હો સ્વામી
ત્યારે ઝાંખા, મેઘા, કેન્નર પેદા કિધા રે..........અભી તૈયા તમે
તમે શુક્રવારના દિને ઉપજીયા હો સ્વામી
ત્યારે ચાર ખાણ, ચાર વાણ પેદા કિધા રે..........અભી તૈયા તમે
તમે શનિવારના દિને ઉપજીયા હો સ્વામી
ત્યારે નવકુળ નાગ પેદા કિધા રે..........અભી તૈયા તમે
તમે એક અચલ ઉપરાજન રચના હો સ્વામી
ત્યારે ચાંદો સુરજ પેદા કિધા રે..........અભી તૈયા તમે
સ્વામીના ખેલનો કોઈ પાર ન જાણે
ત્યાં એક એક બુંદે સબ પેદા કીધા રે..........અભી તૈયા તમે
એટલી રચનાઓ સ્વામીજીએ સાત દિનમાં સરજી
ત્યારે નારાયણ રૂપ જો ધરીયા રે..........અભી તૈયા તમે

પહેલા કર્તાજુગમાં રે દેવ પંદર કરોડી
તેમા પાંચ કરોડીના પ્રહલાદ કસીયા રે..........અભી તૈયા તમે
પાંચ કરોડી પ્રહલાદ મુકતા
ત્યારે હિરણ્યાકંસને મારીયો રે..........અભી તૈયા તમે
બીજા ત્રેતા જુગમાં રે જીવ એકવીસ કરોડી
તે સ્વામીજી ની સેવાએ આવીયા રે..........અભી તૈયા તમે
સાત કરોડીના રાજા હરીશચન્દ્ર કસીયા
જેણે નીચ ઘેર પાણી ભરીયા રે..........અભી તૈયા તમે
સાત કરોડીના રાજા હરીશચન્દ્ર મુકતા
ત્યારે દશાસુર રાવણ મારીયો રે..........અભી તૈયા તમે
ત્રીજા દ્વાપરયુગમાં રે જીવ સત્તાવીસ કરોડી
તે સ્વામીજી ની સેવાએ આવીયા રે..........અભી તૈયા તમે
જીવને કારણે રાજા પાંડવો ચાઇલા
જેણે હિમાડે હાડ ગાઇરા રે..........અભી તૈયા તમે
નવ કરોડીના રાજા યુધિષ્ઠિર મુકતા
ત્યારે દૈત્ય દુર્યોધન કૌરવને મારીયા રે..........અભી તૈયા તમે
ચોથા કળયુગમાં રે જીવ છત્રીસ કરોડી
તે સ્વામીજી ની સેવાએ આવીયા રે..........અભી તૈયા તમે
બાર કરોડીના સ્વામી સદ્‌ગોર કસીયા
જેણે કાગળના જહાજ ચલાઇવા રે..........અભી તૈયા તમે
બાર કરોડીના પીર સદ્‌ગોર મુકતા
જેણે દરિયા ને પાર ઉતાઇરા રે..........અભી તૈયા તમે
આજ ફલંતર વેળાના જીવ અનંત કરોડી
તે સ્વામીજી ની સેવાએ આવીયા રે..........અભી તૈયા તમે
એમા અનંત કરોડીના સ્વામી સદ્‌ગોરજી મુકતા
ત્યાં આદે કરણનાં જીવ અનંત કરોડી આવીયા રે..........અભી તૈયા તમ
એ રે જ્ઞાન બોઇલા *"ઇન્દ્રે ઇમામશાહ"*
ત્યાં ગુરૂએ અગમ કંથી સુણાવી રે..........અભી તૈયા તમે.

Link: http://www.realpatidar.com/library
email: mail@realpatidar.com

૪. અગમ ભાખીને પરગટ હુઆ

૧). અગમ ભાખીને પરગટ હુઆ
તો અગોચળ રૂપ દેખ દેખાડીયા રે..........અભી તૈયા તમે
૨). વેદ વિચારીને રૂપ પીછાણો
તો નિરમલ કરણી કમાવો રે..........અભી તૈયા તમે
૩). અગમ અગોચર ગોર આઇવા
જુગે જુગે રૂખેશર વર પાઇમા રે..........અભી તૈયા તમે
૪). જાંખા, મેઘા, કેન્નર, બત્રીસ કરોડી
તો સતગોર પાર ઉતાઇરા રે..........અભી તૈયા તમે
૫). પાંચ, સાત, નવ, બાર, કરોડી
તો સતગોરે પાર ઉતાઇરા રે..........અભી તૈયા તમે
૬). તેત્રીસ કરોડીદેવમાં જગ વરતા
આજે અનંત કરોડી વર લાઇવા રે..........અભી તૈયા તમે
૭). જીવના દાતાર જાંબુદ્વિપમાં બેઠા
આજે નકલંકી નામ ભણાઇવા રે..........અભી તૈયા તમે
૮). જુગે જુગે આવીને રૂપ ફેરઇવા
મારા મુનીવર રૂપ પીછાણો રે..........અભી તૈયા તમે
૯). રૂપ પીછાણોને જ્ઞાન વિચારો
તમે ગોર મુખે કરણી કમાવોરે..........અભી તૈયા તમે
૧૦). ભાગ્ય જેનું કે આ સતગોર મળીયા
તો તન-મનની ભ્રાંત છોડાવી રે..........અભી તૈયા તમે
૧૧). જીવને કાજે આરાધો રે ભાઇ
તમે મુલ કાંઇ કમાવો રે..........અભી તૈયા તમે
૧૨). કંચન મુકીને કાચ ને શું વણશો?
તો મોતી સમાન લાભ કયાંથી પામો રે..........અભી તૈયા તમે
૧૩). કાચ રતનનાં છે જો વેશ
ત્યાં મુરખ મરમ ન જાણે રે..........અભી તૈયા તમે
૧૪). ગોરને પીછાણે તે માણેક વણઝારા
તેણે સુકરીત સાચા કીધા રે..........અભી તૈયા તમે
૧૫). અહી કુછ દેગા તો, વહાં કુછ પાયેગા
તો વણ દીધે કયાંથી પામો રે..........અભી તૈયા તમે
૧૬). ખેતર કા બીજ તમે ખેતરામં ખોઇએ
તો કેમ કરી નીપજ હોઇ રે..........અભી તૈયા તમે
૧૭). સતી જે કહાવે ને સુકરીત ન આપે
તો કેમ કરી અમરોપોર લેશો રે..........અભી તૈયા તમે
૧૮). સાચી દશોદ દીજે ગોર ને હાથ
તો ચાલે તે ભવ અમર દેદારી રે..........અભી તૈયા તમે
૧૯). જ્ઞાન અમીરસ ભણે *"શ્રી ગોર ઇમામશાહ"*
તમે જુઓ જ્ઞાન વિચારી રે..........અભી તૈયા તમે.

૫. સદગુરૂ આઈવા છે આપણે દુવારે ર

૧). સદગુરૂ આઇવા છે આપણે દુવારે રે
આપણે કેમ કરી પાયે લાગીએ હોજી
૨). બાઇ એ તોડયો છે મોતીડાંનો હાર રે.......(૨)
મારા મોતીડા વેરાયા વંદન ચોકમાં હોજી
૩). મોતી વીણતા લાગી છે વાર રે.......(૨)
આપણે કેમ કરી પાયે લાગીએ હોજી
૪). જાજો જાજો સમદરિયાને બેટ રે.......(૨)
મારા મનના માનેલા મોતી લાવજો હોજી
૫). મોતી લાઇવા છે લાખ બે લાખ રે.......(૨)
મારા મનના માનેલા મોતી ના મળીયા
૬). ના કર ના કર નુગરા કેરો સંગ રે.......(૨)
નુગરે ઝાઇલો સતીનો છેડલો હોજી
૭). વાઈરા વાઈરા હીરલા કેરા ગાંઠ રે.......(૨)
એ તો તુટે પણ છુટે નહી હોજી
૮). પડી પડી પટોળાની ભાત રે.......(૨)
એ તો ફાટે પણ ફીટે નહી હોજી
૯). સુઇકા સુઇકા ચંદન કેરા ઝાડ રે.......(૨)
એ તો સુઇકા પણ સડીયા નહી હોજી
૧૦). એમ બોઇલા છે "સદ્‌ગોર" રે.......(૨)
મારા મુનિવર ને વૈકુંઠનો વાસ રે હોજી.

Link: http://www.realpatidar.com/library
email: mail@realpatidar.com

૬. પહેલા ધંધુકારમાં સ્વામી આપ નિરંજન.. એક તું દયાળજી

૧). પહેલા ધંધુકારમાં સ્વામી આપ નિરંજન
ત્યાં આવીને ઘટ સ્થાઇપા રે....... એક તું દયાળજી
૨). સંત સંતો કે ગોર બ્રહ્માજી નીપાયા
ત્યારે ચારખાણ, ચારવાણ પેદા કીધા રે....... એક તું દયાળજી
૩). એક ઈંડ છેડીને ત્રણ ભુવન સરજીયા
ત્યારે સૃષ્ટિના બંધ સ્વામીજીએ બાંઇધા રે....... એક તું દયાળજી
૪). એ બ્રહ્માના મુખે ચાર વેદ ભણાઇવા
ત્યારે જુગે જુગે ચાંદરણા કીધા રે....... એક તું દયાળજી
૫). પહેલાં કર્તાજુગમાં ગોર બ્રહ્માજી આઇવા
જેણે ઋગવેદ વાંચી સંભળાઇવા રે....... એક તું દયાળજી
૬). વેદ વિચારી રાજા પ્રહલાદ ચાઇલા
તે શ્રી નરસિંહ જાપે ફળ પાઇમા રે....... એક તું દયાળજી
૭). બીજા ત્રેતાયુગમાં ગોર વશિષ્ઠ આઇવા
જેણે યર્જુવેદ વાંચી સંભળાઇવા રે....... એક તું દયાળજી
૮). વેદ વિચારી રાજા હરિશચન્દ્ર ચાઇલા
તે શ્રીરામ જાપે ફળ પાઇમા રે....... એક તું દયાળજી
૯). ત્રીજા દ્રાપરયુગમાં ગોર વેદ વ્યાસ આઇવા
તેણે સામવેદ વાંચી સંભળાઇવા રે....... એક તું દયાળજી
૧૦). વેદ વિચારી રાજા પાંડવો ચાઇલા
તે શ્રી કૃષ્ણ જાપે ફળ પાઇમા રે....... એક તું દયાળજી
૧૧). ધરમ મુરતી શ્રી કૃષ્ણ આરાધે
એ અવિચળ અમરાપોર પહોંચીયા રે....... એક તું દયાળજી
૧૨). ચોથા કળજુગમાં રે ગોર ઇમામ આઇવા
જેણે અથર્વવેદ વાંચી સંભળાઇવા રે....... એક તું દયાળજી
૧૪). વેદ વિચારી કરોડી બાર જો ચાઇલા
તે "પીરશાહ" ના જાપે ફળ પાઇમા રે....... એક તું દયાળજી
૧૫). રૂખેશરને કાજે ગોર નર જુગે જુગે આઇવા
આજ કળજુગમાં રૂપ ફેરઇવા રે....... એક તું દયાળજી
૧૬). આદ્ય વિષ્ણુએ નકલંકી નામ ભણાવીયા
ગોર બ્રહ્મા તે પાત્ર ઇમામશાહ કહાવે રે....... એક તું દયાળજી
૧૭). આજ કળજૂગમાંહે જીવ બાર કરોડી
પીર ઇમામ પાર ઉતાઇરા રે....... એક તું દયાળજી
૧૮). ઇશ્વરે અલખ નામ ભણાઇવા
આજા મલેચ્છ રૂપે આઇવા રે....... એક તું દયાળજી
૧૯). ફલંતર વેળામાં જીવ અનંત કરોડી
ધણી નર નકલંક તારણહાર રે....... એક તું દયાળજી
૨૦). એ રે જ્ઞાન ભણે *"ગોર ઇન્દ્રે ઇમામશાહ"*
ત્યાં ગુરૂએ અગમ કંથી સુણાવી રે....... એક તું દયાળજી.

૭. મોહન માવજી આઈવા છે

મોહન માવજી આઇવા છે નવખંડે કીધા છે જાણ રે.........(૨)
જાને મેલો રાજા ધરમની, ખેણુને કયાં લાગી વાર રે.........(૨)
તેડાવો ભકત પ્રહલાદ ને, તેડાવો હરિશચન્દ્ર રાય રે.........(૨)
હરિશચન્દ્ર મનમાં હરખીયા, મુખડે વરસે નુર રે.........(૨)
તારા રાણી હરિશચન્દ્રને પુછે, ચલંતર કીધા છે અપાર રે.........(૨)
દહિંત-દાનવને સંહરીયા, રકતથી દેવો ને નવરાવીયા રે.........(૨)
તેડાવો સીતા, કુંતા, દ્રૌપદી, ચોથા હરિશચન્દ્રની નાર રે.........(૨)
તેડાવો ધરમરાજા યુધિષ્ઠિરને, તેડાવો સહદેવ જોશીને રે.........(૨)
તેડાવો અર્જુન, ભીમને, તેડાવો નકુલ રાયને રે.........(૨)
હજી પરદેશી અર્જુન બોલીયા, માતાને કયાં લાગી આટલી વાર રે.........(૨)
માતા કુંતાજી રથમાં બેસીયા, રથ ભમીયો આકાશ રે.........(૨)
અમથી કૃષ્ણજી રીસાયા, વિનવતા લાગી એવડી વાર રે.........(૨)
પાંચે પાંડવ ચઢીયા, જેમ આઇવા બારે મેઘ રે.........(૨)
પહેલા કર્તાજુગના જીવડા જુએ છે, ત્રેતા જુગની વાર રે.........(૨)
બીજા ત્રેતાજુગનાં જીવડા જુએ છે, દ્વાપરજુગની વાર રે.........(૨)
દ્વાપર જુગનાં જીવડા જુએ છે, કળયુગની વાર રે.........(૨)
કળયુગના જીવડાના તારા કુંચી નકલંકીની હાથ રે.........(૨)
ચાર જુગમાં વડો છે કળીયુગ, જેમા આઇવા નકલંકી નારાયણ રે
નહી રે ઓળખીયા પોતાની માતાએ, નહી ઓળખીયા વસ્મી નાર રે
હજી ન ઓળખીયા છોરૂને વાછોરૂ, નહી ઓળખીયા ભકત કોઇ લોક રે
હજી ન ઓળખીયા મુખી-મુસાફરે, નહી ઓળખીયા જમલી જમાતે રે
હજી ન ઓળખીયા કાજી-મુલ્લા એ ન ઓળખીયા સાધુ-સંતો એ
હજી એકને ઓળખીયા મારા રૂખેશર તે પાઇમા વૈકુંઠ નો વાસ રે.

૮. જીરે ભાઇ રે સાચો મારગ આપણા સ્વામી એ સરજીયા

જીરે ભાઇ રે સાચો મારગ આપણા સ્વામી એ સરજીયો
તો તમે કુડુ ન ચાલો હો વીરા
જીરે ભાઇ રે કુડિયારા કેશ ખોટા રે પડશે
ત્યારે સુખ લેશે સમિયારા સાચા
જીરે ભાઇ રે કુડુમતી કરશો તો જાશો એળે
તમે સેવા કરો મન રે ધીરા
જીરે ભાઇ રે ધીરા રે મુણિવર ભાઇ હો ધીરા
તો આ એ છે નસીબ તમારૂં
જીરે ભાઇ રે સુતક-પાતક તમે ઘટમાં ન રાખો
તમે કાયે ચાલો આપ હો વીરા
જીરે ભાઇ રે બાંધી છે મોટમ ઉઠાવી કેમ શકશો?
તમે લેશો કોઇ અણજીત ભારા
જીરે ભાઇ રે મીઠે ખાધે હૈયે રંગ જો લાઇગા
ત્યારે સ્વામી રાજા કાગળ લખશે
જીરે ભાઇ રે લુણ-પાણીના ગુરૂ લેખા રે લેશે
ત્યારે સ્વામી રાજા કાગળ જોશે
જીરે ભાઇ રે હલંગ હણીયા તેના ફલંગ ગુમાશે
ત્યોર લોચને વહેશે રે નીર
જીરે ભાઇ રે દુર થકી અભિયાગત જો આવે
ત્યારે પ્રેમની સેવા રે કીજે
જીરે ભાઇ રે નીચા રે નમી નમી માન જો દીજો
ત્યારે ચરણ ધોઇ રે પીજે
જીરે ભાઇ રે પાંચ, સાત, નવ, બાર કરોડી
એ તો છુઇતા પાપ શરીર
જીરે ભાઇ રે ભવસાગર કેરી લાઇ ઘરેણી
આગળ કેમ કરી પાર ઉતારીશું?
જીરે ભાઇ રે તન કરો બેડી સતગોરની સેવા
ત્યારે સ્વામી રાજા પાર ઉતારે
જીરે ભાઇ રે કશ કેરા મંદિર રે મેરીયા
શાહોજી કે ઘટ દુવાર
જીરે ભાઇ રે જીસકે હાથમેં હીરા વસાણા
ત્યારે કયા લીજે ને કયા દીજે
જીરે ભાઇ રે શાહોજીકે હાથમેં સબકુછ સોદા
ત્યારે હસી હસી વણઝ કીજે
જીરે ભાઇ રે માણેકના વણઝારા રે આઇવા
તો ચાલો વીરા વણઝ જો કીજે
જીરે ભાઇ રે માણેક મુકીને કોઇ કાચ જ વણશે
ભાઇ તેઓ સાથે વણઝ ન કીજે
જીરે ભાઇ રે પર ઘેર વીરા રે ઉલઝીયા
ત્યારે મન ભાચતા ન કીજે

જીરે ભાઇ રે સત કેરી તમે સાડી રે પહેરો
ત્યારે ગાંઠ કેમ કરી દીજે
જીરે ભાઇ રે ભર્યા સરોવર હંસ જો બેઠા
ત્યારે વણ-વચને કેમ કરી પીજે
જીરે ભાઇ રે સતરગોર બ્રહ્માજીના જાપ જો કહીએ
એ તો નર આદેશને હુઆ
જીરે ભાઇ રે એ રે જ્ઞાન બોઇલા *"ઇન્દ્રે ઇમામશાહ"*
ત્યારે તમે એ કરણી કમાવો.

૯. સમંદર બોઇ બોઇ જીવ તું વણઝારે આઇવો

સમંદર બોઇ બોઇ જીવ તું વણઝારે આઇવો
તો વણઝ કરી કરી દેશ સીધાવીયો,
અમૃત ભોગી સ્વામી મારે પંડ નીપાયા,
તો હંસ ચાઇલા ને પંડ કામ ન આઇવા
ચાલતા હંસને કીધા રે પીયાશા, તો અરથ ગરથ ને પુત્રો મારા
કોલ દઇને જીવ તું જુગમાં રે આઇવો
તો ઘણા ઘણા લોભ સ્વારથે ધાયો
ચાર દહાડા રે જીવ તું નાટકે રાઇચો,
આ સંસાર સપનું જોઇ શું રહીયો
અંતઃકાળે જીવ તારી કઇ પેરે આશા
તો સુખે સરાવર જઇ પીઓ આશા
આવતાં ન દીશે જીવને જાતા ન દીશે
તો દુઃખ વેળાએ કેમ રે કરશે
કાયા કેરી નગરીમાં ચોર જો બેઠો
તો જાગતાં નરને કોઇએ ન લુઇતા
નગર સોહામણાને ઉજ્જડ કીધાં
તો નવે દરવાજે તાળા રે દીઠા
નવસે નવ્વાણું નદીઓ સાથ સહેલી
તો ચાલતા નરને કીધા રે પીયાશા
એ રે ઘડીએ તારા કુંવરો આઇવા
તો હંસ ચાઇલાને પંડ કામ ન આઇવા
ભણે ગોર સહદેવ "*શ્રી સતગોર બ્રહ્મા*"
તો સ્વામી રાજા સાચા સતપંથી રે. . .

૧૦. મરી ન જાશો માનવીને માયાથી ચેતો રે ભાઇ

મરી ન જાશો માનવીને માયાથી ચેતો રે ભાઇ
આવો કુશો કળજુઘનો ધંધો
અંધો ને ધંધો કરતાં જુગમાં જનમ ઘવાયા રે
ત્યારે હજું ન ચેતીયો મુરખ અંધો
મીટ્ટી રે ચુન ચુન કર મહેલ બંધાવીયો રે
ત્યારે મુરખ કહેશે યે ઘર મેરા
આયેંગે જમડાને લઇ જાશે જીવને રે
ત્યારે નહી ઘર મેરા નહી ઘર મેરા
કાયાનો કુંપો વીરા ભાઇ કરમાવા લાગીયો
ત્યારે નવસો નાળીને બોત્તેર બંધજી
સરોવરને પાળે પંખીએ ઉડવા રે લાઇગા
ત્યારે મેલી સરોવરની આશા
ઉડતા રે પંખીએ આશીષ જ દીધા રે
ત્યારે નહી હોશે અમર જીવ તારી કાયા
કુવાને કાંઠે રે બાવા હરણી વિચારી રે
ત્યારે રોતા મેલીયા નાના બાળ રે
આગળ ચાલે હરણીને કેડે કેડે પારધી
ત્યારે વારી વારી રાખે જીવને ઘેરી
એ રે જ્ઞાન બોઇલા ગોરખનાથ મછંદર નાં ચેલા રે
ત્યારે ગુરૂને તારી ચેલા હરીયા.

૧૧. ભાઇ ગોર ઇમામશાહ જ્ઞાન બોલીયા તમે સાંભળો મુનીવર ભાઇ

ભાઇ ગોર ઇમામશાહ જ્ઞાન બોલીયા તમે સાંભળો મુનીવર ભાઇ
ભાઇ પરગટ ટાણે તમે આવી મળો વીરા સાચી તમારી કમાઇ
ભાઇ પરગટ ટાણું રે જેને કહીએ તે ઘટપાટની વેળાએ થાય
ભાઇ તેત્રીસ કરોડી દેવ આવી મળે ત્યાં સાહેબ પુરે છે વાસ
ભાઇ ઝાંખા, મેઘા, કેન્નર, આવશે કરણ, કલફનાં કરોડ
ભાઇ તે ઠેકાણે તમે આવી મળો વીરા થાશે રે તેમની જોડ
ભાઇ સાચે મને જે કોઇ આવશે વીરા સાચા મુનીવર સોઇ
ભાઇ એકોતેરસો સ્વર્ગ સીધાવશે એને રાહમાં ન રોકે કોઇ
ભાઇ લોક-લજજા નવ રાખીએ અને લાજે વણસે જીવનાં કાજ
ભાઇ સગાં-કુટુંબ, બેની-બંધવા તે નહી આવે જીવની સંગાથ
ભાઇ બાવન ઘાટી જે કોઇ ઉતરી ગયા અને પહોંચીયા સ્વર્ગને દુવાર
ભાઇ હરખે અનરાપોર માલશો ત્યાં નહી રે પામો લગાર
ભાઇ મેરના સાય કીજીએ તો સવા લાખ ઘરેણા થાય
ભાઇ રાજા હરિશચન્દ્ર જેવા ફળ પામીએ તેથી અદકેરા રે લખાય
ભાઇ દુનિયા દોલત પલહે અને લોભે લાગી ભુલી ન જાવ
ભાઇ હાથમાંથી હીરો હારશો તમે પછી આગળ કા થકી રે પામો
ભાઇ ચાર જુગ ગયા તમને ઢુંઢતા અને હજીયે ન લાગીયો છેહ
ભાઇ અથર્વવેદના વાયકે ચાલશો નીવેડા થાશે એણી દેહ
ભાઇ જાપ જપો રે તમે સતના ખરી દશોદ દેજો ગોરને હાથ
ભાઇ દશમે રૂપે ગોર નર આઇવા છે કરવા રે મુનિવરના કાજ
ભાઇ ચેતી શકો તો તમે ચેતજો અને વેળ તે વહી વહી જાય
ભાઇ હાથ આઇવા રે ફળ રાખજો ફરી ફરી મનખા દેહ ન થાય
ભાઇ ત્રણ-જુગનાં ત્રણ ટોલ બાંધીયા અને ચોથો રે પરગટ હોઇ
ભાઇ દર્શન કીધા જેણે ઘટ તીરથના તેને મળીયા સતગુરૂ પીર
ભાઇ આપ સ્વામીના સાહેબ જો કરશો ત્યાં બાંધશે રે કાંટાળી તાર
ભાઇ ત્યાં ખરી કસોટીઓ કરાવશે રૂખેશર થાઓ ને રે હોંશિયાર
ભાઇ અમીરસની રે વેળા મોટી છે તમે કાયર ન થાવો મુનિવર ભાઇ
ભાઇ નવખંડ માંહે જયજયકાર હોશે અને રૂખેશરના કરવા રે કાજ
ભાઇ સાહેબ પુંજાના ફળ આપશે જેની જેવી કમાઇ તેવા ફળ ખાય
ભાઇ અથર્વવેદમાં એમ ભાંખીયા મુનિવર ઉત્તમ કીજીએ રે કામ
ભાઇ મન મોડાણુ રે કીજીએ તો સહી અમરાપોર માલો રાજ
ભાઇ ભોય ભંશારો રે કીજીએ તો સહી અમરાપોર માલો રાજ
ભાઇ એ રે જ્ઞાન બોઇલા *"ઇન્દ્રે ઇમામશાહ"* તમે વેળા નો કરો વિચાર.

૧૨. ધન રે પુત્ર માયા કારમી કહીએ

૧). ધન રે પુત્ર માયા કારમી કહીએ
આવે રે હુકમ સરવે મેલીને કઇએ
૨). કોઇના કહે એ જીવ હમારો
કાઢો કાઢો લઇ એને ચકલે ઉતારો
૩). સઘળું કુટુંબ સરવે મળીયુ સંસાર
કાવળ ઉઠાવી ચાઇલા મોસાળ મોજાર
૪). ત્યાં એકને બાળેને બીજાને દાટે
ભાંગીયો શબ્દ નહી આવે જીવની સંગાથે
૫). સુકરીત કીજે જમણા રે હાથે
તો અંતઃકાળે આવે આપણા જીવની સંગાથે
૬). સતગોર પુંજો તો બહુ ફળ પામો
શ્રધા રાખો તો શાહોજીને મળીએ
૭). શાહોજી મળીયાના એ રે નિશાન
ગર્ભવાસ છોડાવે ચારે ખાણ
૮). ગર્ભવાસની દીધી વાચા ગોરની પાળો
લોભ સ્વાર્થ હરસને વાળો
૯). કામ ને ક્રોધ અહંકાર ન કીજીએ
મનમાં લરજીને જુગટે મળીએ
૧૦). દાનને પુન્ય સુપાત્રને દીજીયે
તો વેકુંઠમાં ફળ પોતાના લીજીયે
૧૧). આલીયો ભડાર અખુટ જો થાશે
તો એકોતેરસો બેઠા અનામત ખાશે
૧૨). ગોર ગતમાંહે કરવા રે મેળા
તો નિર્મળ થાશે જીવની રૂવા
૧૩). કરમ કાગળ તમે ગતમાંહે ખોલો
શહોજી આગળ તમે સાચુ રે બોલો.
૧૪). સતપંથ મળવું તે સાચુ ફળ પામો
સત વિના બોલે તે જુઠુ તરે જાણે
૧૫). સતે બોલોને સતે રે ચાલો
સતે જઇ અમરાપોરમાં માલો
૧૬). વેળા રે પોતી વિચારીને બોલો
દશોદ સુકરીત ગોરજીને આલો
૧૭). જીરે બોલો તે તારે લખાશે
સાચા જુઠાની મેળા રપ થાશે
૧૮). દાન ને પુન્ય જીવ તારી સાથે ચાલે
અજંપાજાપની તોલે કોઇ નહી આવે
૧૯) એ રે જ્ઞાન બોઇલાલ *"ઇન્દ્રે ઇમામશાહ"*
તમે રે સાંભળો મારા મુનિવર ભાઇ.

૧૩. જીરે હંસા દુનિયા સરજીને સ્વામી મારે

જીરે હંસા દુનિયા સરજીને સ્વામી મારે
અન્ન નીપાયા ત્યારે પવન પાણી પેદા કીધા
જીરે હંસા પવન પાણીમાં સ્વામી મારે
મેદની સસરજીયા ત્યારે સરવે સંજોગ સીધાયા
હંજી જેણે સરજયા તેનાં નામ ન જાણીયા
તો નામ વિના જીવડો ભુલાયો
જીરે હંસા ખેણુ એકમાં સ્વામી મારે
ખેલ રચાયો તો દુનિયામાં હશે ધુમનો મેળો
હંજી નવનેજા સુરજ હેઠે ઉતરશે
ત્યારે સહસ્ત્ર કળા લઇ લઇને તપશે
જીરે હંસા તાંબા રે વરણી જયારે ધરતી રે થાશે
ત્યારે બાળી ઝાળીના કરશે ખાખ
જીરે હંસા માથાનાં ભેજા જીવ તારા કાને નીકળશે
ત્યારે માતા ન કહેશે પુત્ર મારો
જીરે હંસા લીબુ લીબુ વરના રે આંસુ લોહીના પડશે
ત્યારે બેની નવ કહેશે બંધવ મારો
જીરે હંસા પાપ ધરમ બન્ને ત્રાસે તોળાશે
ત્યારે નખ તલનાં લેખા સાહેબ લેશે
જીરે અરધા લાખ વરસ નો એક દિન હોશે
ત્યારે જુગે જુગના લેખા સાહેબ લેશે
જીરે હંસા તાતા સ્થંભે શાહ મારો બાથ ભીડાવશે
ત્યારે પોકાર પાડીને જીવડો રોશે
જીરે હંસા દોહચલી વેળામાં સતગોર હાજર રહેશે
ત્યારે મેઘા, ડમ્મર છત્ર ઢોળાશે.
જીરે હંસા જમડા પુછે મારા ખવડાનાં ગોરને
સ્વામી ગઢ રે અમરાપોર છે કેવા
જીરે હંસા સોના કેરી વાડીઓના રૂપા કેરા ઈંટ
ત્યારે કેસર કસ્તુરીના ગાળા
જીરે હંસા હિરલા જડંતર માંહે હિડોળા બંધાઇવા
ત્યારે આપો આપ હિંડોળા હાલશે
જીરે હંસા આવા મંદિર આપણા સ્વામીજીએ સરજયા
ત્યારે રહેશે ક્રિયાવત કોઇ સાચો
જીરે હંસા જ્ઞાન અમીરશ ભણે ગોર *"ઇન્દ્રે ઇમામશાહ"*
સ્વામી જેમ રાખો તેમ અમે રહીએ.

૧૪. પ્રહલાદ રાજા ઓધાને રહીયો

૧). પ્રહલાદ રાજા ઓધાને રહીયો. . . (૨)
ત્યારે માતાને કાઢીયા વનવાસ
૨). પ્રહલાદ રાજા વનમાં રે જનમીયો. . . (૨)
ત્યારે મચ્છરદાની ઓધારીયા. . . હરણ્યાકંસ તારો માઇરો
૩). ન મરૂ કે તારો તાઇરો માઇરો. . . (૨)
મારા મુખડે છે નામ નરસૈંયો
૪). પ્રહલાદ રાજાને ઝોરીમાં સુવડાવીયો. . .(૨)
ત્યારે દોરી દયાળજી ને હાથ. . . હરણ્યાકંસ તારો માઇરો
૫). પ્રહલાદ રાજાને નિશાળે બેસાડીયો. . .(૨)
ત્યારે કકો ભણે શ્રી નરસિંહ. . . હરણ્યાકંસ તારો માઇરો
૬). પ્રહલાદ રાજાને હાથી આગળ નાંઇખો. . . (૨)
ત્યારે હાથીએ કીધા પ્રણામ. . . હરણ્યાકંસ તારો માઇરા
૭). પ્રહલાદ રાજાને ગાડામાં નાંઇખો. . . (૨)
ત્યારે ગાડુ ભાંગી ટુકથિયા સહસ્ત્ર. . . હરણ્યાકંસ તારો માઇરો
૮). પ્રહલાદ રાજાને ઘાણીમાં નાંઇખો. . . (૨)
ત્યારે ઘાણી ભાંગી ટુકડથિયા સહસ્ત્ર. . . હરણ્યાકંસ તારો માઇરો
૯). પ્રહલાદ રાજાને હોળીમાં બેસાડીયો. . . (૨)
ત્યારે ઝાળ ગઇ આસમાન. . . હરણ્યાકંસ તારો માઇરો
૧૦). પ્રહલાદ રાજાને પરવત પરથી નાંઇખો. . . (૨)
ત્યારે પવન હિંચોળે આઇવા. . . હરણ્યાકંસ તારો માઇરો
૧૧). પ્રહલાદ રાજાને દરિયામાં નાંઇખો
ત્યારે લહેરે લહેરે મોતી લાઇવા. . . (૨)
૧૨). પ્રહલાદ રાજાને સ્થંભે ભેટાવીયો
ત્યારે પ્રગટીયા શ્રી નરસિંહ. . . હરણ્યાકંસ તારો માઇરો.

૧૫. જીરે ભાઇ રે દુઃખ જયારે પડશે

જીરે ભાઇ રે દુઃખ જયારે પડશે
અને પડશે તે અનંત અપાર
જીરે ભાઇ રે સરસ્વતી સાબરમતી એક ટોળ જયારે મળશે
ત્યારે વહેશે એકાચાર
જીરે ભાઇ રે બાણું લાખ ઘોડા જાસવંતી ચઢશે
અને અવલ તોરીગ નો પાર નહી જાણો
જીરે ભાઇ રે ધરતી ઉપઇ સવાગજ લીગ જયારે મળશે
ત્યારે ધરતી પાપે ભાર નહી ઝીલે
જીરે ભાઇ રે શેષનાગ ધરતીનો ભાર નહી ઝીલે
ત્યારે હોંશે હલહલકાર
જીરે ભાઇ રે જાંબુદ્વિપમાં શાહાજીનાં નગારા જો વાગશે
ત્યારે હોંશિયાર રહેજો મુનિવર ભાઇ
જીરે ભાઇ રે જાહેર દેવ જાંબુદ્વિપમાં બેઠા
અને બેઠા એક જ જયોત
જીરે ભાઇ રે *"સતગોર ઇમામશાહ"* એમ બોલ્યા
તમે સાંભળો મુનિવર ભાઇ.

૧૬. શહેર મુલતાનથી બાવા ઇમામશાહ આવીયા

શહેર મુલતાનથી બાવા ઇમામશાહ આવીયા
આવીયા છે વનતણી માંય રે. . . મે તો નયને ન ઓળખ્યા
સામે તીરેથી નાચો દોડતો આવે
ક્રોધ કરે છે અપાર રે. . . મે તો નયને ન ઓળખ્યા
તીર તાણીને નાયો સામે રે ઉભો
કરે છે લુંટવાનુ કામ રે. . . મે તો નયને ન ઓળખ્યા
તીર ના છુટે ને હાથ ન છુટે
નાચો કરે છે પોકાર રે. . . મે તો નયને ન ઓળખ્યા
વહેલ બળદને વસ્ત્ર ઘરેણાં
ઉતારો ભુમી કેરૌ ભાર રે. . . મે તો નયને ન ઓળખ્યા
રથ માંહેથી બાવે મુખજો કાઢીયું
જાણે ઉગ્યો પુનમ કેરો ચાંદ રે. . . મે તો નયને ન ઓળખ્યા
ગોર ઇમામશાહને તમે પીછાણો
સાંભળો મુનિવર ભાઇ રે. . . મે તો નયને ન ઓળખ્યા
નાચાનો સ્વામીને અંતરયામી
અમને ઉતારો ભવપાર રે. . . મે તો નયને ન ઓળખ્યા.

૧૭. એક કુરૂક્ષેત્ર માંહે પંખી રે બેઠુ

એક કુરૂક્ષેત્ર માંહે પંખી રે બેઠુ
એણે ઈંડા મેલ્યા-બે ચાર રે
ઇંડા મુકીને પંખી ઉડી રે ગયું
અને જઇને બેઠુ પોતાને દ્વાર રે
બેઠુ બેઠુ રે પંખી ઝુરવા રે લાઇગુ
અને ચતકો પડયો મનમાંહે રે
કૌરવ-પાંડવોના ઝઘડા રે થાશે
મારા ઈંડાનો થાશે લોચ રે
સામા રે સામી બાણ જો છુટશે
ત્યાં થાશે ટોચા ટોચ રે
જબરા રે જોધાના પગ તારે પડશે
ત્યાં નારાયણ પુરાવે વાસ રે
એવું હરિના મનમાં રે આઇવુ
એણે ઈંડા જો ઢાઇકા ઘંટ રે
ઘંટ ઉઘાડી હરિએ ઈંડા જો છેડીયા
એના બચ્ચા થયા તત્કાળ રે
બારમી સંઘીનો કોલ જ મોટો
તમે ભુલી ન જાશો ગમાર રે
“*સદ્ગોર બ્રહ્માજી*” જ્ઞાન બોઇલા
તમે સાંભળો મુનિવર ભાઇ રે.

૧૮. જીરે ભાઇ રે અજબ ગજબ તમે સુણો મુનિવર ભાઇ

જીરે ભાઇ રે અજબ ગજબ તમે સુણો મુનિવર ભાઇ
આગળ કળજુગ આવશે ખોટો
જીરે ભાઇ રે પિયુંકી સંગે લાડ લડેંગે
ત્યારે બાપનું નહી માને રે બેટો
જીરે ભાઇ રે મા અને બેટી બન્ને રે લડશે
તે તો એક બીજાને દેશે રે ગાળ
જીરે ભાઇ રે બાંધવા જ્યારે છેહ પડશે
ત્યારે બાપનું નહી માને બેટો
જીરે ભાઇ રે સાસુ રે ઉઠીને પાણી રે ભરશે
ત્યારે વહુ-રાણી તો ખાટલે બેસેજી
જીરે ભાઇ રે દોહયલી વેળામાં મેઘ આછા રે વરસે
ત્યારે અન્નનાં તો પડીકા બંધાશે
જીરે ભાઇ રે જુવારનાં દાણાં મોંઘા વેચાશે
ત્યારે લોટનાં તો પડીકા બંધાશે
જીરે ભાઇ રે પહેલી રે ફોજને પાણી મળશે
ત્યારે બીજી ફોજને કાદવ હોંશે
જીરે ભાઇ રે ત્રીજી ફોજને તો ખાખજ ઉડશે
ત્યારે ચોથી ફોજને તો રહેમત પડશે
જીરે ભાઇ રે ખારા સમંદરમાં કુવા રે ખોદાશે
તેનાં પાણી તો મીઠા રે હોશે
જીરે ભાઇ રે નવ વરસની બાળા ઋતુ રે હોશે
ત્યારે બાર વરસનો પુરૂષ હોશે
જીરે ભાઇ રે એ રે જ્ઞાન બોલ્યા *"ઇન્દ્રે ઇમામશાહ"*
એ છે કળીયુગનાં છેલ્લા એંધાણ.

૧૯. ભાઇ બારમી સંધી જયારે આવશે ત્યારે ધરમ નહી રે લગાર

ભાઇ બારમી સંધી જયારે આવશે ત્યારે ધરમ નહી રે લગાર
ભાઇ ધરમ કરતા ઓછું આણસે એવો આઇવો રે સંસાર
ભાઇ સતીઓના સત જયારે તુટશે ત્યારે સતી નહી રે લગાર
ભાઇ ધરમની નિંદા જે કોઇ કરશે ત્યારે ઉપજે બહુ રે કરમ
ભાઇ ખાના માંહે ભુતખાના સ્થાપશે એવો આઇવો રે કળિકાળ
ભાઇ તાડી-તમાકુ જે કોઇ મુનિવર ખાશે તેને બોત્તેર ખાના બાળીયાનું પાપ
ભાઇ ત્રીસે-બત્રીસે પાપી જાણજો અને તે છે મહાચંડાળ
ભાઇ છત્રીસે છેતરપીડી થાશે અને જાણજો રે નિરધાર
ભાઇ પિસ્તાલીસે બારમી સંધી પુરી થાશે અને જાગશે અજેપાળ
ભાઇ પચાસ બાવને બળવો જાગશે સ્ને કરશે રે એકાકાર
ભાઇ સાંઠે બાસઠે બળ પડશે અને પેંસી જાયે રે પાતાળ
ભાઇ સીતેર બોતેર સંઘ ફીટશે એવો ભેળાશે સંસાર
ભાઇ પંચ્યાંસીએ પિર સહદેવ જાગસે રૂખેશર થાઓ રે હોંશિયાર
ભાઇ ચોરાણું પંચાણુએ પશ્ચિમ ભાણ ઉગશે નકલંકી થાશે અશ્વાર
ભાઇ નવ્વાણું સોએ નિશાન પુરા થાશે અને આવી જાશે રે સૈન્ય
ભાઇ એ રે જ્ઞાન બોલ્યા *"ઇન્દ્રે ઇમામશાહ"* મુનિવર વેળાનો કરો વિચાર.

૨૦. સ્વામી પેદા કીધાને પંથ રાખજો

૧) સ્વામી પેદા કીધાને પંથ રાખજો
ભવસાગર ઉતારો અમને પાર . . . . .સતગુરૂ તમને વિનવું

૨). જીરે આશા અમને અતી ઘણી
કરોડી અનંતના છો સરદાર . . . . .સતગુરૂ તમને વિનવું

૩). બત્રીસ દાંત વચ્ચે જીભ રાખી છે
તેમ અમને લેજો ઉગારી . . . . .સતગુરૂ તમને વિનવું

૪). જીરે ચિંતા અમારી રે રાખજો
કરોડી અનંતના છો સરદાર . . . . .સતગુરૂ તમને વિનવું

૫). પહેલા કર્તાજુગમાં રે હરિ તમે આવીયા
કરોડી પાંચ ઉતારીયા ભવપાર રે . . . . .સતગુરૂ તમને વિનવું

૬). ભકત પ્હલાદની વારે હરિ તમે આવીયા
શ્રી નરસિંહ રૂપે ઝાયલો હાથ રે . . . . .સતગુરૂ તમને વિનવું

૭). બીજા ત્રેતાયુગમાં રે હરિ તમે આવીયા
કરોડી સાત ઉતારીયા ભવપાર રે . . . . .સતગુરૂ તમને વિનવું

૮). તારા રાણીની વારે હરિ તમે આવીયા
શ્રી રામજી રૂપે ઝાયલો હાથ રે . . . . .સતગુરૂ તમને વિનવું

૯). ત્રીજા દ્વાપરયુગમાં રે હરિ તમે આવીયા
કરોડી નવ ઉતારીયા ભવપાર રે . . . . .સતગુરૂ તમને વિનવું

૧૦). સતી દ્રૌપદીની વારે હરિ તમે આવીયા
નવસે નવ્વાણું પુરીયા ચીર રે . . . . .સતગુરૂ તમને વિનવું

૧૧). પાંડવોની વારે હરિ તમે આવીયા
શ્રી કૃષ્ણ રૂપે ઝાઇલો હાથ રે . . . . .સતગુરૂ તમને વિનવું

૧૨). ચોથા કળયુગની વારે હરિ તમે આવીયા
કરોડી બાર ઉતારીયા ભવપાર રે . . . . .સતગુરૂ તમને વિનવું

૧૩). કમળાકુંવરની વારે હરિ તમે આવીયા
કાગઝની નાવે ઉતારીયા ભવપાર રે . . . . .સતગુરૂ તમને વિનવું

૧૪). જીરે *"સદ્ગોર બ્રહ્માજી"* ધોળ બોઇલા
બોઇલા બોઇલા છે ઘમઘમકાર રે. . . . .સતગુરૂ તમને વિનવું .

૨૨.અંગ સોનેરીને ચંગ બાજે છે જુઓ મારા રૂખેશરના સ્વામી ચડે છે

૧). અંગ સોનેરીને ચંગ બાજે છે
જુઓ મારા રૂખેશરના સ્વામી ચડે છે
૨). સ્વામીજી ચડતાંને ઉડે છે ખેસ
ભર્યા છે અખાડીના આરંભીયા છે મેટ
૩). ત્રણલોકમાં થાશે રે જાણ
દહિંત કાળીગામાં પડશે રે ભંગાણ
૪). રૂખેશરના ઘેર જયારે વેદ વંચાશે
દહિંત કાળીગામાં પડશે રે ભંગાણ
૫). જતી હનુમાન જયારે હાંક જો મારશે
ચીણવતી નગરીના કોટ જો પડશે
૬). પીપળાના ફુલના જયારે ગજરા ગુંથાશે
એ રે હાર નકલંકી દેવને ચડશે
૭). હાથમાં દીવો લઇ નર નકલંકી ફરશે
દહીતને દેવ ત્યાં ખોળી ખોળી મારશે
૮). લોહી રે રકતની નદી સરસ્વતી વહેશે
પીર સહદેવ નો ઘોડલો રે તરશે
૯). દાન ને પુન્ય જીવ તારી સાથે ચાલે
અજંપાજાપની તોલે કોઇ નહી આવે
૧૦). જીરે બોલો તે ત્યાં રે લખાશે
સાચા-જુઠાના મેળા રે થાશે
૧૧). એ રે જ્ઞાન બોઇલા *"ઇન્દ્રે ઇમામશાહ"*
તમે રે સાંભળો મારા મુનિવર ભાઇ.

૨૩. હંજી પુરબ-પશ્ચિમ થકી શાહ. . . મારો જાંબુદ્વિપે આવશે હોજી

હંજી પુરબ-પશ્ચિમ થકી શાહ. . . મારો જાંબુદ્વિપે આવશે હોજી
હંજી ઘોડે ઘોડે શંખનો નાદ. . . શાહ મારો નારણપુર આવશે હોજી
હંજી ગડીયા ગડીયા પરબત સાર. . . શાહ મારો કુંકે ઉડાડશે હોજી
હંજી નદીઓના નિર્મળ નીર. . . શાહ મારો અદલ ચલાવશે હોજી
હંજી રાય ઇન્દ્રના હોશે ફરમાન. . . શાહ મારો વાજીંત્રો વગડાવશે હોજી
હંજી ચીણવતી નગરીના ચીર. . . શાહ મારો પાટ ફેરવશે હોજી
હંજી સુરજારાણી હાથે રે દડો. . . દહિંત કાળીગાને મારશે હોજી
હંજી કમળાકુંવર શીર ભરણ ભરાય. . . પિતા નવ જાણશે હોજી
હંજી આજકાલ દશમો અવતાર. . . સતીઓના શણગાર ઉતરાવશે હોજી
હંજી મેઘા ડમ્મર છત્ર ઢોળાય. . . શાહ મારો ઝુલા ઝુલાવશે હોજી
હંજી એમ બોલ્યા *"સહદેવ"*. . . આગળ એવા દિન આવશે હોજી.

૨૪. દલકરો દરિયા વીરા મન મોતી

દલકરો દરિયા વીરા મનકરો મોતી
તો રતન મોતીની લહેરો આવે . . . વેદના વાજા રે વાઇગા
રતન મોતી રે વીરા મુલ અમુલખ
તે ઉંડા તે જળમાં વસે રે . . . વેદના વાજા રે વાઇગા
મરજીવા થઇને વીરા મહી ઝંપલાવો
તો કુંભ સમાન ડુબકી રે મારો રે . . . વેદના વાજા રે વાઇગા
જો અકળાશો તો વીરા જીવેથી જાશો
તો રતન મોતી હાથ નહિં આવે રે . . . વેદના વાજા રે વાઇગા
સતપંથ દરિયો વીરા વેદે લખાયો
તો ખાડી ખડક વચમાં આવે રે . . . વેદના વાજા રે વાઇગા
ખાડી ખડક વીરા લાજે લુંટાયા
તો શું જોઇ શાનમાં સમજીયા રે . . . વેદના વાજા રે વાઇગા
નાત ને જાત વીરા કુટુંબ કબીલો
તો એની લજ્જાએ સતપંથ મેલીયો રે . . . વેદના વાજા રે વાઇગા
સતપંથ મેલી વીરા પરલે જો જાશો
તો મહાદનમાં માર ખાશો રે . . . વેદના વાજા રે વાઇગા
અરબી માર મૃગલો મહેરબાન થાશે
તો કાંકણ નિશાની તમે લાવો રે . . . વેદના વાજા રે વાઇગા
દશમો ભાગ દેતાં તમે શું ડોલો
તો દશોદનો પાયો પહેલો રોપો રે . . . વેદના વાજા રે વાઇગા
દશોદ વિનાની ભીત ભાંગી રે પડશે
તો દશોદે અમર ગઢ તમારો રે . . . વેદના વાજા રે વાઇગા
થાશે અજવાળા ત્યારે સહુ લોક જાણશે
તો પરગટ ઉગીયો રવિ ભાણ રે . . વેદના વાજા રે વાઇગા
ભણે *"ગોર બ્રહ્માજી"* કહે છે પોકારી
તો વેદને વાચકે ચાલો રે . . . વેદના વાજા રે વાઇગા.

૨૫. હો સ્વામી મારા સ્વર્ગ ભવનથી સંચરીયા

હો સ્વામી મારા સ્વર્ગ ભવનથી સંચરીયા
ત્યારે હુઆ નીલ વરણી ઘંઘુકાર . . . . .હો સ્વામી મારા
હો સ્વામી મારા બીજી પુનમનો કીઘો વાયદો
તમે આવોને મારા નાથજી
હો સ્વામી મારા વાડી તમારી ગોળ ગોળ
મેં જાણીયુ મીરા આવશે
હો સ્વામી મારા વાડી તમારી સુકાઇ ગઇ
તમે મહેર કરોને મારા બાપ
પ્રજાને પહેલા પેદા કરીયા સતગોર બ્રહ્માનો અવતાર
ત્રિશુલ ઘર ત્યાં નારી સંગે હતા ન વગેળા ન હતા લગાર
પેસ પરદો તમે કયાં કરશો આ રે દોહયલો સંસાર
અવઘ કરી ના હુઆ તમે આઇવા અનીન બુઘવાર
તમે અવઘ કરી વહી ગયા અમને મેલી ગયા નિરઘાર
ઘરતી કરે છે વિનંતી તમે સાંભળોને મારા અરદાર
ગોર બ્રહ્માની પાસે રાખો ઘરતી કરે છે વિનંતી
નાચો કરે છે વિનંતી મારી સાંભળો માં ને બાપ
નાચો દુઃખ બહું બળ મારી નયને વછુટીયા લોહી . . . . .હો સ્વામી મારા
નાચો કહે છે મને રાખો સતગોર બ્રહ્માની પાસ
તમારી બંદગી કરતા બમણી નયને ચછુટીયા લોહી . . . . .હો સ્વામી મારા
સતગોર બ્રહ્માની વિનંતી મન ઘરે દેવ કહે છે તેત્રીસ કરોડ
આસમાન લાગ્યું ડોલવા અંદર ઉભુ ન રહેવાય . . . . .હો સ્વામી મારા
એ જે તે સુતા સોળવણી તમારે અંગે આળસ ન હોય
હો સ્વામી મારા નાચો સરખા મારે નવલાખ છે
મારા નાચા સમાન કોઇ નહી . . . . .હો સ્વામી મારા
તમારા પાવળ પીઘાં જીવડે તેને કુડા મારગે કેમ જાય
વણસી વેળામાં શું કરૂ તમારી ગતને કેમ દેખી રહેવાય
નાચો કરે છે વિનંતી મારી સાંભળો ને અરદાર . . . . .હો સ્વામી મારા
મેઘા, ડમ્મર, છત્તર ઘોળાય નાચે ઓળખ્યું પોતાને આપ
તમારી ગતમાં ઘંઘુકાર જે કરે તેને હોય દરિયાનું પાપ
તમારી ગતમાં ભંગાણ જે કરે તેણે મેલીયા ગોર નરને ન હતી રાહ
જુગ ચોથો નથી કેડે પાંચમો, નથી અગિયારમો અવતાર
જે વેદ વંચાશે પાંચમો તેના નવલા હશે રે જ્ઞાન . . . . .હો સ્વામી મારા
તમે ખાઓ પીવોને આનંદ કરો આરે દોહયલો સંસાર
કહે *"શ્રી ઇમામશાહ"* બોઇલા નાચા તમે કાનમના સરદાર . . . . .હો સ્વામી મારા.

૨૬. ઉત્તર દક્ષિણને પુરવ પશ્ચિમ સ્વામીજીએ નકલંકી નામ ભણાઈવા

ઉત્તર દક્ષિણને પુરવ પશ્ચિમ
સ્વામીજીએ નકલંકી નામ ભણાઈવા
ઈમામશાહને રોજે વરસે રે નર નકલંકી ને હાજુર

નવખંડ પૃથ્વી તમારી જાત્રાએ આવે
મન ઈચ્છાના ફળ પામે હો
ઈમામશાહને રોજે વરસે રે નર નકલંકી ને હાજુર

પહેલા કરતા રે જુગમાં રે સ્વામીજીએ ચાર રૂપ લીધા
ચારે દાનવને સ્વામીજીએ સંહારીયા
ઈમામશાહને રોજે વરસે રે નર નકલંકી ને હાજુર

કરોડીના પ્રહલાદ રાજા
જેણે સ્થંભે બાથ ભેરીયા હો
ઈમામશાહને રોજે વરસે રે નર નકલંકી ને હાજુર

ત્રેતાજુગમાં રે સ્વામીજીએ ત્રણ રૂપ ધરીયા
ત્રણ દાનવને સ્વામીજીએ સંહારીયા હો
ઈમામશાહને રોજે વરસે રે નર નકલંકી ને હાજુર

સાત કરોડીના હરિશચન્દ્ર રાજા
કાશીખંડમાં આપે વેચાયા હો
ઈમામશાહને રોજે વરસે રે નર નકલંકી ને હાજુર

દ્વાપરજુગમાંહે સ્વામીજીએ દોય રૂપ લીધા
દોય દાનવને સ્વામીજીએ સંહારીયા હો
ઈમામશાહને રોજે વરસે રે નર નકલંકી ને હાજુર

કળજુગમાં રે સ્વામીજીએ એક રૂપ ધરીયુ
એક દાનવને સંહારશે હો
ઈમામશાહને રોજે વરસે રે નર નકલંકી ને હાજુર

બાર કરોડીના ગોર રે સહદેવ
જેણે દરિયાને પાર ઉતાઈરા હો
ઈમામશાહને રોજે વરસે રે નર નકલંકી ને હાજુર

ફલંતર વેળામાં અનંત કરોડી
ધણી નકલંકી તારણહાર હો
ઈમામશાહને રોજે વરસે રે નર નકલંકી ને હાજુર

ફરીને ઈમામશાહ જાંબુદ્વિપમાં આઈવા
જાંબુદ્વિપમાં જ્યોત જલાવી હો
ઈમામશાહને રોજે વરસે રે નર નકલંકી ને હાજુર

એ રે જ્ઞાન બોઈલા *"ઈન્દ્રે ઈમામશાહ"*
તમે સાંભળો મનિવર ભાઈ હો
ઈમામશાહને રોજે વરસે રે નર નકલંકી ને હાજુર.

૨૭. આજ તો અમૃત રઇચાને ભલે આઇવા ભગવાન

આજ તો અમૃત રઇચાને ભલે આઇવા ભગવાન
કામને કાજે રે કોઇ લાઇગા એનો એળે ગયો અવતાર
એક ચંદનની પાસે રે લીમ છે તેમાં સુગંધ છે અપાર
તેની પાસે રે લીલા વાંસ છે તેમાં સુગંધ નહી લગાર
તેવા રે તમો ધરમી લોકો છો બેઇમાનીને તારશે
દળીના વસ્ત્ર પહેરી વેદના વાંચવા પહેરી બ્રહ્મ સાસને આવીયે
તેથી રે દેવ લોક દુર જ રહેશે ને ગળી ગંધારાને તારશે
દેવ રે દુવારે કઇ ઉભા રે રહીએ અને કીધા કર્તવ્ય ખોલીયે
એક સોનક રાજા સતવાદીયો તેનું પણ જોવાને પ્રભુ આઇવા
ત્યારે હોલે થયા સ્વાર તેનું પણ જોવાને પ્રભુ આઇવા
શકરો ત્યાં તો શિકાર માંગે રાજાનું જોવાને પણ રે
તમે બેસોને સાહેબ બીજુ આપુ પણ એને નવ આપુ જાણ રે
જયારે રતી રતીએ અંગ કપાયુ ત્યારે ભારી થયા ભગવાન રે
માંગ માંગ રાજ મહેર માંગ તમે જીત્યાને અમે હારીયા
રાજાને મળીને મુખવર વાઇરા ને કર ઝાલીયો કિરતાર રે
માંગો રે માંગો મેરવની તમે જીત્યાને અમે હારીયા
અવગુણ અમારા માફ કરોને મોક્ષ આલો દિદાર રે
બારમી સંધીનો કોલ મોટો છે તમે ભુલી ન જાઓ ગમાર રે
"*સતગોર બ્રહ્માજી*" એમ બોઇલા તમે વેળાનો કરો વિચાર રે.

૨૮. હંજી નકલંકી અવતઈરા પરગટ દેવ રે મોરાર

૧). હંજી નકલંકી અવતઈરા પરગટ દેવ રે મોરાર
૨). હંજી ઇમામ શાહ આઇવા રૂખેશરનાં દાતાર
૩). હંજી સોના રે કેરાં પારણા રે રૂપા કેરાં ઘેર
૪). હંજી માંહે નારણદેવ પોઢીયા ઉપર વરસે રે નુર
૫). હંજી ચઉદ દિશા રમી આઇવા આજકાલ દશમો અવતાર
૬). હંજી વસમા-કુંમારી હરિ પરણશે મસલત ખુબ રે ભરાય
૭). હંજી તેડો તેડો સીતા, કુંતા, દ્રૌપદી, ચોથી હીરશચન્દ્રની નાર
૮). હંજી ત્યારે સતીઓ મળી મંગળ ગીત ગાવા રે સાર
૯). હંજી પાંચમે પ્રહલાદ આવશે સાથે હરિશચન્દ્રરાય
૧૦). હંજી નવમે યુધિષ્ઠિર આવશે જોયે સતગુરૂની વાર
૧૧). હંજી બારમે સહદેવ આવશે જોયે સતગુરૂની વાર
૧૨). હંજી સતની શમરણી ફેરવો લેવો લેવો સાહેબના દિદાર
૧૩). હંજી જેવુ રે સપનું રાતનું એવો આ રે સંસાર
૧૪). હંજી સ્વામીજીને સેવતાં જીવ તારા જાય રે જનમનાં રે પાપ
૧૫). હંખ ના સુવો મુનિવરો ના કરો નિંદ્રા સે પ્યાર
૧૬). હંજી એમ બોઇલા "સદ્‌ગોર" રૂખેશર થાઓ ને હોંશિયાર.

૨૯. શેઠ ભણેને બંદા સાંભળો વાણોતર તો પારીયા ચેતી ચેતી મારગ ચાલજો હોજી.

શેઠ ભણેને બંદા સાંભળો વાણોતર
તો પારીયા ચેતી ચેતી મારગ ચાલજો હોજી.

દસને માસ માતાએ ઓધાને જો રાખીયા
ત્યારે માતા પિતાને ન પાળીયા હોજી . . . . .પારીયા ચેતી ચેતી ચાલો(૨)

વણચિત વાચાને અમરત પુરીયા
ત્યારે ઘણે ઘણે વિધ્ને ઉગારીયા હોજી . . . . .પારીયા ચેતી ચેતી ચાલો(૨)

નાની છે હાટડીને ઝાઝા વેપારી
ભલી ભલી રીતે વેપાર રાખીયા હોજી . . . . .પારીયા ચેતી ચેતી ચાલો(૨)

આટલાને કાટલા થોડા છે કાંટલા
તો દાંડીમાં પાસગ રાખીયા હોજી . . . . .પારીયા ચેતી ચેતી ચાલો(૨)

લેતી વેળાએ જીવડે ઘણું ઘણું લીધુ
ત્યારે ઓપતી વેળાએ થોડા દીધા હોજી . . . . .પારીયા ચેતી ચેતી ચાલો(૨)

ધાય રે ધસીને બહુ સંગ્રામ કરતાં
ત્યારે ઉચા ઉચા મહેલ ચણાવીયા હોજી . . . . .પારીયા ચેતી ચેતી ચાલો(૨)

સાલને દાલ કુર કમોદ
ત્યારે જીવને જમવાને જઇએ હોજી . . . . .પારીયા ચેતી ચેતી ચાલો(૨)

લવંગ સોપારીને પાનનાં બીરલાં
ત્યારે એવા રે મુખવાસ જીવને જોઇએ હોજી . . . . .પારીયા ચેતી ચેતી ચાલો(૨)

સેજ તળાઇને ગાલ મસુરીયાં
ત્યારે સીલા સીલા ઢોળાવીયા હોજી . . . . .પારીયા ચેતી ચેતી ચાલો(૨)

તાળાને કુંચી રે તારા વખારે રહીયા
ત્યારે ખાલે હાથે જીવડો ચાલીયો હોજી . . . . .પારીયા ચેતી ચેતી ચાલો(૨)

સગા રે કુટુંબ તારા વરાવાને ચાઇલા
ત્યારે વરાવીને પાછા વાળીયા હોજી . . . . .પારીયા ચેતી ચેતી ચાલો(૨)

વેદ રે વાંચીને જીવડો થર થર ધ્રુજે હોજી
ત્યારે ધરમ અક્ષર નહી સુજે હોજી . . . . .પારીયા ચેતી ચેતી ચાલો(૨)

નુરને પ્રતાપે *"ગોર ઇમામશાહ"* બોલીયા
ત્યારે જીવનાં પ્રાસ્ત બાપજી તાળજો હોજી . . . . .પારીયા ચેતી ચેતી ચાલો(૨)

૩૦. એક દિન એવો આવશે રે હોંશે હલ-હલકાર

એક દિન એવો આવશે રે હોંશે હલ-હલકાર . . . . . (૨)
જીવ તું શું રે સુતો નીદમાં

માયા વળગી કારમી રે તેથી હોય રે વિનાશ . . . . . (૨)
બાંધીયા બંધન જીવનાં નહી છુટશે

એસા જુગ તો વહી ગયા રે આવીયા કળીના એંધાણ . . . . . (૨)
દોજખ દીશે આગળ દોહયલા

સાંજ પડે દિન આથમે રે પીર પરગટ હોય . . . . . (૨)
નકલંકી દિન જગાવશે

અનેક રૂપે જાણીએ શાહનો વામન રૂપ . . . . . (૨)
બળીનાં બાંધીયા બંધન છોડાવીયા

અનેક રૂપે જાણીએ શાહનો બુદ્ધના રે રૂપ . . . . . (૨)
પાંચ પાંડવ ઉધ્ધારીયા

ઢોલ દડામણ વાગશે રે વાગે ભૈરવ-ભુંગળ . . . . . (૨)
છત્રીસ વાજાં વાગે પ્રેમનાં

પાંચે પોશાક પહેરશે રે માથે પચરંગી પાઘ . . . . . (૨)
મોજા પહેરશે રે સાહેબ હેમનાં (સોનાનાં)

ઘોડો સાહેબનો હંસલો રે ભમ્મર ઢોલા રે હાથ . . . . . (૨)
દલમાંહે ઘોડો ચલાવશે

નવલાખ શીંગી વાગશે રે ચઢશે શીવને શકિત . . . . . (૨)
ખપ્પર ભરાવે સાહેબ દહિંતનાં

અગમ ભણે *"ગોર ઇમામશાહ"* રે મુનિવર કરોને વિચાર . . . . . (૨)
મહાદન માંહે હિસાબ સાહેબ પુછશે.

૩૧. સ્વર્ગ ભવનથી માતા કાનધેનું આઇવા

સ્વર્ગ ભવનથી માતા કાનધેનું આઇવા . . . . . (૨)
તો આવી રહીયા ડુંદગર મોજાર

ડુંગર ચડતાં ભાઇ ઝરણ પાણી પીધાં . . . . . (૨)
તો વાઘ વીરાની નજરે ચડીયા

વાઘ વીરા વાઘ વીરા અમને ન ખાશો . . . . . (૨)
તો અમારા ઘરે છે નાના વાછરૂ

ઘેલી માતા કામધેનું તમે ઘેલા શું બોઇલા . . . . . (૨)
તો આવીયો ભરખ કેમ જવા દઇએ

બાળહત્યા, બ્રહ્મહત્યા ને સ્ત્રી હત્યા અમને . . . . . (૨)
તો વાછરૂ ધવરાવી વહેલા આવશું

આવો મારા પુત્ર ધાવણ ધાવો દુધાળા . . . . . (૨)
તો કાલે છે કરપેલા દુધાળા

આગળ ચાલે વાછરૂ, પાછળ ચાલે કામધેનું . . . . . (૨)
તો વાઘમામાને વધામણા

વાઘમામા વાઘમામા ભરખ પહેલા કરો મારો. . . . . (૨)
તો પછી કરજો માતા કામધેનું

ઓ રે ભાણેજ તમને કોણે પરમોઇલા . . . . . (૨)
તો કાણસા ગુરૂએ ઉપદેશ દીધા

ગોર રે સહદેવ અમને પરમોઇલા . . . . . (૨)
તો સતગોર બ્રહ્માએ ઉપદેશ દીધા

સોના કેરી શીગડી રૂપા કેરા ખરીયા . . . . . (૨)
તો જાઓ વનમાં લીલા વન ચરો.

૩૨. ભાઇ મુરખ લોકો મરમ ન જાણે અને ધરમ શું કરશે ધીગાણા

ભાઇ મુરખ લોકો મરમ ન જાણે અને ધરમ શું કરશે ધીગાણા
ભાઇ સતગોરનું કહ્યું નવ કરશે તે જીવ નિશ્ચય જાશે રે નરક
તે આપે મુરાદે ને આપે સ્વાર્થીયા અને મુરખ વિચારે ન વેદ
ભાઇ માંહે માંહે ઝઘડા બહું કરે તે સત્યનો જાણે ન ભેદ
ભાઇ વેરણ-વેળા આવી ઢુકળી તેના જુજવા પડીયા છે ભાગ
ભાઇ અથર્વવેદમાં એમ ભાંખીયા મુનિવર દેજો રે ભુમિના દાગ
ભાઇ એકોતેરસો સ્વર્ગે સીધાવીયા તે નિત્ય કરે સાહેબના દિદાર
ભાઇ અથર્વવેદ એમ કહે છે જેમ ઉનાળે વરસે રે મેહ
ભાઇ અગ્નિ-દાગ દીજે દુ:ખ ઉપજે તેના મુખ કાળા અને નાગી હોશે દેહ
ભાઇ જયારે દેવ સભા ભરી બેસશે ત્યારે કાળા મોં ના હોશે દુર
ભાઇ બાવાના ફળ પામશો ત્યારે ઇમાની રહેશે સાહેબને હજુર
ભાઇ સતગોરનું કહ્યું કીજીએ તો પામીએ સાહેબનાં દિદાર
ભાઇ વેળા આવી ઢુકળી તેને વિલંબ નહી રે લગાર
ભાઇ ગોરનો બારમી સંધીનો કોલ મોટો મુનિવર કઠણ હોશે મન
ભાઇ સાવાને જુઠા કરી બોલાવશે એમ જોડાશે રે સંગાથ
ભાઇ સાચા મુનિવરો સત રાખજો અને જુઠા રે જાશે રે દુર
ભાઇ અથર્વવેદબે વાયકે ચાલશે તે રહેશે સાહેબને હજુર
ભણે સતગોર તમે સાંભળો મુનિવર વેળાનો કરો વિચાર.

૩૩. રાજા પાંડવોએ મેલી છે પરથવી

રાજા પાંડવોએ મેલી છે પરથવી
રાજા દુર્યોધન કરે છે રાજીરે . . . . .સતે જીત્યા રે પાંચે પાંડવો

રાયે જાપ તે નોતરા દેવરાવીયા
એના હૈયે હરખ નહી માંય રે . . . . .સતે જીત્યા રે પાંચે પાંડવો

રાયે લાખા ભવન મહેલ વણાવીયા
માંહે પાંડવોનો પુરીયો છે વાસ રે . . . . .સતે જીત્યા રે પાંચે પાંડવો

રાયે વખના તો લાડુ બનાવીયા
માંહે ખીરમાં પુરીયા છે વીષ રે . . . . .સતે જીત્યા રે પાંચે પાંડવો

ઉઠોને ડીયરીયા તમે ભોજન જમો
પછી હમોને ન દેતા દોષ રે . . . . .સતે જીત્યા રે પાંચે પાંડવો

ભાભી ભાનુમતી પીરસા પીરશે
રાજા દુર્યોધન ઘોળે છે વાવલા . . . . .સતે જીત્યા રે પાંચે પાંડવો

ભાભી ભાનુમતી ઘરડા થયા
તોય હજુ ન ગઇ હસવાની ટેવ રે . . . . .સતે જીત્યા રે પાંચે પાંડવો

રાયે ઝાંપલાને તો ઘેર બોલાવીયો
ઝાંપલા નાઇ ધોઇ અગની મેલ રે . . . . .સતે જીત્યા રે પાંચે પાંડવો

રાજા તમારા નગરમાં હું તો નહી રે રહું
હું તો કઇને વસુ બીજા ગામ રે . . . . .સતે જીત્યા રે પાંચે પાંડવો

રાયે નાઇ ધોઇને અગ્ની મેલી
એણે પુરણ કીધા છે કામ રે . . . . .સતે જીત્યા રે પાંચે પાંડવો

"*સદગોર બ્રહ્માજી*" જ્ઞાન બોલીયા
મારા પાંડવોને વૈકુંઠનો વાસ રે . . . . .સતે જીત્યા રે પાંચે પાંડવો

૩૪. જીરે ભાઇ રે નવનવ માસ જીવડો ઉદરમાં રહેતો

જીરે ભાઇ રે નવનવ માસ જીવડો ઉદરમાં રહેતો
જીવડો મળ ચાટીને રહેતો
જીરે ભાઇ રે દશમે માસે જીવડાનો જનમ થાય
જીવડે પહેલી તે દશોદ લખાવી
જીરે ભાઇ રે આવીને જીવ કળજુગમાં પડીયો
જીવડે પહેલી તે દશોદ વિસારી
જીરે ભાઇ રે ઉંચા રે ઉંચા જીવડે લહેલ ચણાવીયા
જીવડે જારીઓને બારી મુકાવી
જીરે ભાઇ રે વારે વારે મોતીરા પરોઇવા
ધણી મારે આવી રે શાયબી આપી
જીરે ભાઇ રે આવીને કાળીગો છાતીએ બેઠો
એની આંખોના નેત્ર તણાયા
જીરે ભાઇ રે સગાં-કુટુંબ એને વીટાઇને બેઠા
કોઇ એ ન લીધો અડગજ ભાર
જીરે ભાઇ રે લીલા તે ઘોડાને લીલા તે પલાણ
ધણીના ઉડે તે લીલા નિશાન
જીરે ભાઇ રે નવસે નવ્વાણું નદીઓ નીરે ભરાઇ
પેલો જીવડો કરે રે પોકાર
જીરે ભાઇ રે કાગળના સ્વામી મારે જહાજ બનાવીયા
પેલા જીવડા સરવે બેસાઇડા
જીરે ભાઇ રે આગળ જઇને વહાણ જો ડુબીયા
તો પેલા જીવડા કરે કિરતારી
જીરે ભાઇ રે આગળ જઇને વહાણ જો નીકળીયા
તેમને નુરાની કાયા નીપાઇ
જીરે ભાઇ રે હીરા રે ઝવેરને માણેક મોતી
ધણી મારે એના તો વરસાદ વરસાઇવા
જીરે ભાઇ રે લોભી હોઇ જીવડા પાપી હોઇ જીવડા
પેલા મોતીડા વીણવાને લાઇગા
જીરે ભાઇ રે મોતીડા વીણંતા પેલા જીવડાએ પુછ્યું
કે સ્વામી કઇ સંધીએ મેળો હોશે
જીરે ભાઇ રે જાંબુદ્વિપે તખત રચાશે
ને છેલ્લી સંધીએ મેળો રે હોશે
જીરે ભાઇ રે જ્ઞાન ભણે *“ગોર બ્રહ્માજી”*
મારા રૂખેશરો જ્ઞાન વિચારો.

૩૫. વાયકે આઇવા રે સાધુ બે જણા ત્રીજો કેમ રે જવાય

વાયકે આઇવા રે સાધુ બે જણા ત્રીજો કેમ રે જવાય
પારણામાં પુત્ર પોઢાવીયો ચાલીયા દેવને દુવાર
અરધી મંજલે જઇ પહોંચીયા ત્યાં હરણી ધવરાવે બાળ
બાળ દેખીને દયા ઉપજી થાન ચડીયા તેણી વાર
થાન ચડીને બાઇ બેસી ગયા બાઇનાં છુટયા છે પ્રાણ
શબ્દે આઇવા રે સાધુ બે જણા એકલું કેમ રે જવાય
મીટ્ટીની બાંધી ગાંસડી ચાલીયા દેવને દુવારએક દિન એવો
મીટ્ટી મુકીને શરદો બાંધીયો ઘટપાટ સ્થાઇપા તેણી વાર
સોના કેરી દિવડી રે ઝગમગે કળશ પુઇરા તેણીવાર
ઉઠોને રતનબાઇ બેઠા થાઓ લેવ લેવ થાળનો પ્રસાદ
હાથ કાઢીને પાવળ લીધાં ખોળે રે નાના બાળ
પુરો ધરમ આપુ પારણ્યા પુરુષને જેણે દેખાડીયા દેવનાં દ્વાર
સ્વર્ગથી વિમાન આવીયા સતી સતી સ્વર્ગે સીધાવીયા તેણીવાર
"*સતગોર સહદેવ*" એમ બોલીયા મુનિવર રાખોને ધ્યાન.

૩૬. જીરે કનક કંચોલે કેશર ઢોળીયાં

જીરે કનક કંચોલે કેશર ઢોળીયાં
છાંટણા છંટાવો નકલંકી રાય . . . . . વેવાહ આઇવા ઢુંકળા

જીરે નકલંકી નવશાનાં નોતરાં
ગોરે ફેરઇવા છે મુલક ચોવીસ રે . . . . . વેવાહ આઇવા ઢુંકળા

જીરે હોંશ અમને અતી ઘણી
અમને ઉપજીયો છે આનંદ રે . . . . . વેવાહ આઇવા ઢુંકળા

જીરે માંણેક મોતીએ થાળ ભરાવ્યા
જોવા જઇએ ચૌદ ભવનના નાથ રે . . . . . વેવાહ આઇવા ઢુંકળા

જીરે શ્રીફળનાં તોરણ બંધાઇવા
સૌ સતીઓ મળી મંગળ ગાય રે . . . . . વેવાહ આઇવા ઢુંકળા

જીરે બ્રહ્માંડનાં બેટા તમને વિનવું
વેદ ચારે લઇને આવ્યા રે . . . . . વેવાહ આઇવા ઢુંકળા

જીરે વાજીંત્રે વાગે અતી ઘણાં
ઢોલ વાગે છે ધમ-ધમકાર રે . . . . . વેવાહ આઇવા ઢુંકળા

જીરે સૌ સૈન્ય આવે સોબતે
જાહેર વાત થાશે જાન માંહે રે . . . . . વેવાહ આઇવા ઢુંકળા

જીરે વશમાં કુંવારીકા કરે વિનંતી
તમે સાંભળો કંથજી કાન રે . . . . . વેવાહ આઇવા ઢુંકળા

જીરે બહુ રંગી બાજટ ચીતરાવીએ
ત્યાં તો બેસે ત્રિભોવન નાથ રે . . . . . વેવાહ આઇવા ઢુંકળા

જીરે માંડવો બંધાવો મન-ગમતો
મારે પરણવું છે સુરાવરની સાથ રે . . . . . વેવાહ આઇવા ઢુંકળા

જીરે માંડવો છાયો ચંપા કેવળે
કસ્તુરી ભરાવી છે ભીત રે . . . . . વેવાહ આઇવા ઢુંકળા

જીરે ત્રિભોવન આવી પાટે બેસે
ત્યાં તો બ્રહ્માજી આવી પાટે બેસે રે . . . . . વેવાહ આઇવા ઢુંકળા

જીરે મસ્તકે શાહને હિરા જડયા
ત્યાં તો સહું દેવતાની સાથ રે . . . . . વેવાહ આઇવા ઢુંકળા

જીરે વર કન્યા પુરા પરણ્યા
ત્યાં તો પરણ્યા છે દેવ મોરાર રે . . . . . વેવાહ આઇવા ઢુંકળા

જીરે *"નુર સદ્ગોર"* એમ બોલ્યા
ધોળ બોલ્યા છે ધમ-ધમકાર રે . . . . . વેવાહ આઇવા ઢુંકળા

૩૭. ચાલો પીરાણા જઇએ મારા સંતો ચાલો. . . ચાલો પીરાણાં

ચાલો પીરાણા જઇએ મારા સંતો ચાલો. . . ચાલો પીરાણાં
પીરાણાનાં સંગમાને ભકત મંડળમાં
અમૃત પીએને પાવન થઇએ જીરે. . . ચાલો પીરાણાં

ગામ પીરાણાને ધામ પીરાણા, ઘ્યાન ત્યાં જઇને ધરીએ જીરે
કળજુગમાં સ્વામી આપ પધાર્યા, રૂખેશરનાં કામ કરવા જીરે. . . ચાલો પીરાણાં

નકલંકી નાથનાં આસને નમીને, ઘટને પાટને પુંજીએ જીરે
અખંડ જયોતિ આદ્યશકિતની કરીએ, દર્શન કરી ધન્ય થઇએ જીરે. . . ચાલો પીરાણાં

ઉંચા નિશાન ધોળી ધજાઓ ફરકે, દરવાજે નોબત વાગે જીરે
ગંગલા કુવાનાં નિર્મળ નીરથી, નાહીને પાવન થઇએ જીરે. . . ચાલો પીરાણાં

“હાજર બેગનું” હાજર પારખું, લોઢાની બેડીઓ તુટે જીરે
આપના ઇમાન જો સાચા હશે તો, બેડીનાં બંધન તુટે જીરે. . . ચાલો પીરાણા

નિર્મળ નીર છે ગંગલા કુવાનાં, નાહીને પાવન થઇએ જીરે
કુંવારીકાનાં દર્શન કરવાને, ઘ્યાન ગુરૂનું ધરીએ જીરે. . . ચાલો પીરાણા

સદ્‌ગુરૂ પાદુકા પ્રેમથી પુંજીએ, હૈયામાં હેત અમે ધરીએ જીરે
“સદ્‌ગોર બ્રહ્માની” વાણી સાંભળીને, તેનમી શિખામણ શિરે ધરીએ જીરે. . . ચાલો પીરાણા

૩૮ પુરણ ભકિત કરી નાચા કાકે પુરણ ભકિત કરી

પુરણ ભકિત કરી નાચા કાકે પુરણ ભકિત કરી
પ્રસન્ન થયા શ્રી હરિ. . . . . નાચા કાકે પુરણ ભકિત કરી . . .

હરતા રે ફરતા આવ્યા ઇમામશાહ . . . (૨)
વચન આપ્યા તે ઘડી . . . . . નાચા કાકે પુરણ ભકિત કરી . . .

બાર બાર વરસે તપ જો કીધાં રે ભાઇ . . . (૨)
સમરણ માળા કરી . . . . . નાચા કાકે પુરણ ભકિત કરી . . .

સાંજ પડે ત્યાં નોબત વાગે રે ભાઇ . . . (૨)
લોબાનની ધુપ કરી . . . . . નાચા કાકે પુરણ ભકિત કરી . . .

અખંડ જયોત ઘી ની બળે રે ભાર . . . (૨)
રોજાની આગળ ધરી . . . . . નાચા કાકે પુરણ ભકિત કરી . . .

દેરાં રે ઉપર સોનાની ડેરી રે ભાઇ . . . (૨)
ઉપર કમળો ઝરી . . . . . નાચા કાકે પુરણ ભકિત કરી . . .

બસરથ દીધો ગોર ઇમામે રે ભાઇ . . . (૨)
પહેલી માંનતા તમને ચઢી . . . . . નાચા કાકે પુરણ ભકિત કરી . . .

હરદમ હરદમ બોલ્યા સદ્‌ગોર ભાઇ . . . (૨)
પાર ઉતારો મારા હરિ. . . . . નાચા કાકે પુરણ ભકિત કરી . . .

૩૯.ધુપને ધુમાડે વહેલા આવજો

ધુપને ધુમાડે વહેલા આવજો
આવજો તમે ઇમામપુરી માંચ રે
ઇમામશાહ બાવા ધુપને ધુમાડે વહેલા આવજો

શાણા કાકા તે કાગળ મોકલે
નાચ કાકા જુએ તમારી વાટ રે
ઇમામશાહ બાવા ધુપને ધુમાડે વહેલા આવજો

ભાભારામ તે કાગળ મોકલે
કીકીબાઇ જુએ તમારી વાત રે
ઇમામશાહ બાવા ધુપને ધુમાડે વહેલા આવજો

શવજીકાકા તે કાગળ મોકલે
આવજો તમે સહું સંતોની સાથ રે
ઇમામશાહ બાવા ધુપને ધુમાડે વહેલા આવજો

કમળાકુંવર તે કાગળ મોકલે
અનંત કરોડી જુએ તમારી વાત રે
ઇમામશાહ બાવા ધુપને ધુમાડે વહેલા આવજો

દાસોનાં દાસ તમને વિનવું
લે જો તમે સૌ સંતોની સંભાળ રે
ઇમામશાહ બાવા ધુપને ધુમાડે વહેલા આવજો

૪૦. મને વ્હાલું પીરાણા લાગે ઇમામશાહ લઇ જાશો તમારા ધામમાં

મને વ્હાલું પીરાણા લાગે
ઇમામશાહ લઇ જાશો તમારા ધામમાં

પ્રભુ મુલતાનનાં રહેવાસી તમે, ગુજરાતમાં આવ્યા નાસી
તમે પીરાણા કીધું કાશી ઇમામશાહ લઇ જાશો તમારા ધામમાં

બાર વરસે સમાધી ચઢાવી, તારી ભકિત ભાભારામને ભાવી
તમે અવિચળ પદવી સ્થાપી ઇમામશાહ લઇ જાશો તમારા ધામમાં

બાર મહિને સેંઘલ નામ ધારી, ત્યાં તો સભા ભરે બહુ સારી
હાથ જોડે એ નર ને નારી ઇમામશાહ લઇ જાશો તમારા ધામમાં

ત્રણ જુગમાં ત્રણ વેદ લાવ્યા, ગોર બ્રહ્મા તરીકે ઓળખાવ્યા
તમે "ૐ કારનાં" જાપ જપાવ્યા ઇમામશાહ લઇ જાશો તમારા ધામમાં

નાયા કાકા તે જાતનાં કોળી, નિત્ય ઉઠીને કરતાં ચોરી
એને જ્ઞાનમાં લીધા બોળી ઇમામશાહ લઇ જાશો તમારા ધામમાં

કળજુગમાં તે અથર્વવેદ લાવ્યા, નર નકલંકી નામે ઓળખાવ્યા
અમને *"પીરશાહનાં"* જાપ જપાવ્યા ઇમામશાહ લઇ જાશો તમારા ધામમાં

દેશ દેશોનાં ભકતો ત્યાં આવે, સામગ્રીમાં ખીર ચઢાવે
સૌ ભકતોને લેજો ઉગારી ઇમામશાહ લઇ જાશો તમારા ધામમાં

૪૧. પીર ઇમામશાહ જ્ઞાન જ બોલ્યા, સાંભળો તમે મુનિવર ભાઇ

પીર ઇમામશાહ જ્ઞાન જ બોલ્યા, સાંભળો તમે મુનિવર ભાઇ
જો અહી પ્રગટ ટાંણે આવી મળે તો વીરા સાચી તમારી કમાઇ

ભાઇ પ્રગટ ટાંણા જે કહીએ, જયારે ઘટપાટની વેળા થાય
ત્યાં તેત્રીસ કરોડી દેવ આવી મળે, ત્યાં સાહેબ પોતે રે આય

ત્યાં ઝાંખા, મેઘા, કેન્નર આવી મળે, ત્યાં કરણ કલફનાં દેવ કરોડ
જો તેણે ઠેકાણે આવી મળો, તો થાશો તેમની જોડ

ત્યાં સાચે ઇમાને જે કોઇ આવશે, અને સાચા મુનિવર સોચ
તેનાં એકોતેરસો સ્વર્ગે સીધાવશે, તેને રાહમાં રોકે કોઇ

ભાઇ લોક લજ્જા નવ રાખીએ, અને લજ્જાએ વણસે કાજ
સગાં-કુટુંબી બેની બંધવા, તે તો નહી આવે જીવની સંગાથ

ભાઇ જે બાવન ઘાટી ઉતરી ગયાં, અને જઇ પહોંચ્યા સ્વર્ગ દ્વાર
તે તો હરખે અમરાપુરીમાં માલશે, તે જીવ છેહ નહી પામે

ભાઇ શિરકા સાટા કીજીએ, તો સવા લાખ ગણા લખાય
રાજા હરિશચન્દ્ર જેવા ફળ પામશો, વીરા તેથી અદકેરા લખાય

ભાઇ દુનિયા દોલત એક પલ છે, અને તમે લોભે લાગી ભુલી ન જાઓ
હાથમાંથી હીરો હારીને, પછી આગળ કયાંથી રે પાઓ

ભાઇ ચાર યુગ ગયા તમને ઢુંઢતા, પણ હજુએ ના લીધો છેહ
અથર્વવેદને વાચકે ચાલશે, તો વીરા તેથી નીવેડા થાશે આંણી દેહ

ભાઇ જાપ જપો તમે સતનો, અને ખરી દશોદી દેવો ગોરને આજ
આજ દશમે ગોર નર નર આવીયા, મુનિવર ભાઇનાં કરવા કાજ

ભાઇ ચેતી શકો તો ચેતજો, અને વેળા વહી વહી જાય
એ આ હાથે લીધેલા ફળ રાખજો,એ ફરી ફરી ફળ પાઓ

ભાઇ સતપંથ સેવા સત ભાવથી, અને જે મળીયા સતગોર પીર
જેણે દર્શન કીધાં પ્રગટ તીરથનાં, તેના વૈકુંઠે પહોંચ્યા રે જીવ

ભાઇ ત્રણે જુગનાં ત્રણ ટોલ બાંધ્યા, અને આજ ચોથે પ્રગટ હોય
જે જુગ માંહે દીન જગાવીએ, તે તો વિષ્ણુ નારાયણ વિના નહી કોઇ

ભાઇ આપ સમાના સાહેબ કરશે, અને બાંધશે કાંટા તોલ
આખરી કસોટી કસાવશો, તો વીરા પામશો મુલ અમુલ

ભાઇ અમીરસની વેળા તો મોટી છ(તમે કાયરનાં થાઓ મુનિવર ભાઇ
એ મહાદન વેળાની સંપજ છે, તમને મુકિતની રાહ જ બતાઇ

ભાઇ નકલંકી ઘોડે ચઢશે અને અવતાર દશમો લખાય
અસુરા દાનવ ને સંહારશે, તે દૈત્ય ને શીર મેલશે ગાય

ભાઇ નવે ખંડમાં જય-જયકાર હોંશે, અને તમે વેદ વિચારીને ચાલો
અહી ભોંય ભંડારા કીજીએ, તો ત્યાં કઇ અમરાપોર માલો

૪૨. જીરે સતીઓ મળીને વાતે વળી હાથે ગ્રહી મોતીડાનો હાર. નારણ વરને નીરખીએ.

જીરે સતીઓ મળીને વાતે વળી
હાથે ગ્રહી મોતીડાનો હાર. . . . . નારણ વરને નીરખીએ.

જીરે જગમાં જ દુયતી જઇ રહે
ભાંગવા ભકતોની ભીડ રે. . . . . નારણ વરને નીરખીએ.

હરીને દુલ દુલ ઘોડે રે બેસણાં
તેને શ્વેત વરણાં શણગાર રે. . . . . નારણ વરને નીરખીએ.

હરીને ઝુલ-ઝુલામણાં ફર ફરે રે. . . . . નારણ વરને નીરખીએ.
મેઘા, ડમ્મર, છત્તર ઢોળાય રે. . . . . નારણ વરને નીરખીએ.

હરીને શરબંધી બાંધે રે શોભતી
હરીને સુતરીયો સુરવાળ રે. . . . . નારણ વરને નીરખીએ.

હરીને કલગા-કલગી ફર ફરે રે
હરીને સોબતે મળીયા સરદાર રે. . . . . નારણ વરને નીરખીએ.

હરીને નૈત્ર મંજન કરે માવડી
ટપકું કરે હરીને ગાલ રે. . . . . નારણ વરને નીરખીએ.

હરીને કેશરીયા તીલક બીરાજે રે
હરીને દેશ આંગળીએ વેઢ રે. . . . . નારણ વરને નીરખીએ.

હરીને કાંને તે કુડળ ઝળકે
હરીને પેહરણ પીતાંબર સાર રે. . . . . નારણ વરને નીરખીએ.

હરીને કુદરતી ઘોડે રે ખેલશે
હરીને સોનેરી છે શણગાર રે. . . . . નારણ વરને નીરખીએ.

હરીને કેસરીયા વાઘા પહેરશે
હરીને સોનેરી શરપાવ રે. . . . . નારણ વરને નીરખીએ.

હરીને પગે તે મોજડી શોભતી
તેનાં તેજ તણો નહી પાર રે. . . . . નારણ વરને નીરખીએ.

હરીની જાને તે જાગૃતી બહું મળી
હરીનાં વેવાહ હોશે અતી સાર રે. . . . . નારણ વરને નીરખીએ.

હરીને ચૌવ વેદી ચોરી બંધાવશે
ત્યાં ગુજરી મેલાવ્યા ચાર રે. . . . . નારણ વરને નીરખીએ.

હરીને પગે તે પદમ ઝળહળે
તેનો તેજ તણો નહી પાર રે. . . . . નારણ વરને નીરખીએ.

હરીની જાને જાનૈયા અતી ઘણાં
હરીની માતાનો હરખના માંય રે. . . . . નારણ વરને નીરખીએ.

હરીને ઢોલ દડામણ ગડગડે
હરીને શરણાઇ તણો નહી પાર રે. . . . . નારણ વરને નીરખીએ.

હરીનાં મસ્તકે મોતી જડીયા
હરીની સતીઓ મંગળ ગાય રે. . . . . નારણ વરને નીરખીએ.

હરીની જાન તો જોવા બહું વળ્યા
હરીને પ્રહલાદ છે આગેવાન રે. . . . . નારણ વરને નીરખીએ.

હરીને હરિશચન્દ્ર સરખા સાથીઓ
હરીની જાનમાં હોશે જય-જયકાર રે. . . . . નારણ વરને નીરખીએ.

હરીને બાર કરોડી રે બોલતાં
હરીને અનંત આવ્યા છે સાથ રે. . . . . નારણ વરને નીરખીએ.

હરીને વસમાં કુંવારીકા રે પરણશે
ત્યાં તો બ્રહ્માજી ભણશે વેદ રે. . . . . નારણ વરને નીરખીએ.

એ નકલંકી નારાયણ નર-પતી
સાહેબ દેશે અમરાપોર વાસ રે. . . . . નારણ વરને નીરખીએ.

હરી પરણી તે પાટે બેસશે
હરી રૂકેશરોનો દાતાર રે. . . . . નારણ વરને નીરખીએ.

જીરે *"સતગોર બ્રહ્માજી"* ધોળ બોલ્યા
ધોળ બોલ્યા છે જય-જયકાર રે. . . . . નારણ વરને નીરખીએ.

૪૨. હંજી હલકરો વીરા મારા ઘટમાં રે મળીએ

હંજી હલકરો વીરા મારા ઘટમાં રે મળીએ
અડસઠ તીરથનો તમને મહીમાં. . . . .હંજી હલ કરો.

હંજી આવી બેસો ગોર મુંખે દેવને દ્વાર
પાંચને મારો ને વિચારો વેદ. . . . .હંજી હલ કરો.

હંજી કર્તાયુગમાં ધર્મે ધાયા રાજા પ્રહલાદ
કસાયા શાહને મળવા કાજ. . . . .હંજી હલ કરો.

હંજી ભલે રે કસાયા કશ વાટડી સાર
ફાટેલા સ્થંભે પરગટ થયા કિરતાર. . . . .હંજી હલ કરો.

હંજી ફાટેલા સ્થંભે પરગટ થયા કિરતાર ને
પાંચ કરોડી જીવનો અમરાપોરમાં વાસો. . . . .હંજી હલ કરો.

હંજી ત્રેતાયુગમાં ધર્મે ધાયા રાજા હરિશચન્દ્ર
કસાયા શાહને મળવા કાજ. . . . .હંજી હલ કરો.

હંજી ભલે રે કસાયા કસ વાટડી સાર રે
ઝાલી છે બાંહીને પરગટીયા કિરતાર. . . . .હંજી હલ કરો.

હંજી તારા રાણી-કુંવર રોહિતદાસ
સાત કરોડી જીવનો અમરાપોરમાં વાસો. . . . .હંજી હલ કરો.

હંજી દ્વાપરયુગમાં ધર્મે ધાયા પાંડવ રાય
કસાયા શાહને મળવા કાજ. . . . .હંજી હલ કરો.

હંજી ભલે રે કસાયા કસ વાટડી સાર રે
જે વન-ફળનાં કરતા આહાર

હંજી પાંચ પુરૂષ ને વિષ્વાસ
નવ કરોડી જીવનો અમરાપોર વાસો રે. . . . .હંજી હલ કરો.

હંજી કળયુગમાં ધાયા પીર સોદરદિન
ધર્મો તણો જેણે જાણીયો ભેદ. . . . .હંજી હલ કરો.

હંજી ભલે રે કસાયા કસ વાટડી રે
કાગળની હોડી બનાવી કિરતાર
બાર કરોડી જીવ ઉતારીયા પાર. . . . .હંજી હલ કરો.

હંજી કળયુગ મધ્યે ધર્મ અગોચળ જાણ
જીવ છોડાવવા મળશે સબ કોઇ
રામચંદ્ર વનમાં વસીયા જાણ
"સતગોર ઇમામશાહ" જ્ઞાન બોલ્યા
સબ ગત સબકો રાખો શ્રધા. . . . .હંજી હલ કરો.

૪૩.માંડયા ઘટ ને પાટ પીધાં પીવણહારે પાવળ પીધાં

માંડયા ઘટ ને પાટ પીધાં પીવણહારે પાવળ પીધાં
અજ્ઞાનીએ પીધા છે નીર. . . . . પીવણહારે અમી પીધાં

પાંચ કરોડી રાજા પ્રહલાદે પાવળ પીધો
દશે પીધાં છે નીર. . . . . પીવણહારે પાવળ પીધાં

સાત કરોડી રાજા હીરશચન્દ્રે પાવળ પીધાં
ચૌદે પીધાં છે નીર. . . . . પીવણહારે પાવળ પીધાં

નવ કરોડી રાજા યુધિષ્ઠિર પાવળ પીધાં
અઢારે પીધાં છે નીર. . . . . પીવણહારે પાવળ પીધાં

બાર કરોડી કમળાકુંવરે પીધાં
અજ્ઞાનીએ પીધાં છે નીર. . . . . પીવણહારે પાવળ પીધાં

લાવજો ખાંડને ખીર
અમીરસ પીધાં છે નીર. . . . . પીવણહારે પાવળ પીધાં

"*શ્રી સતગોર બ્રહ્માજી*" એમ બોલ્યા
મુનિવર થાઓ ને હોંશિયાર. . . . . પીવણહાર પાવળ પીધાં

૪૪. જીરે ભાઇ રે પુસ્તક પઢી પઢી થાઇકા પંડિતા

જીરે ભાઇ રે પુસ્તક પઢી પઢી થાઇકા પંડિતા
પણ બ્રહ્માનાં ભેદ નહી પાયા

જીરે ભાઇ રે સતગોર દિલથી વિસારીના મુકો
ત્યારે કળજુગ સંઘે બ્રાહ્મણ ભુલિયા

જીરે ભાઇ રે ધરતીના હતી આકાડ ન હતા
ત્યારે પરથમ ન હતી માયા

જીરે ભાઇ રે ચાંદો ન હતા સુરજ ન હતા
ત્યારે સતગોર નામ લખાયા

જીરે ભાઇ રે કરણી આપણી સાથે જો ચાલો
બીજું કાંઇ કામ ન આવે

જીરે ભાઇ રે કાશળ આપણાં મનમાંથી કાઢો
તો ધણી રે કરી ને ધાઓ

જીરે ભાઇ રે સતપંથ આપણો સત્ય કરી જાણો
તો સતગોર સ્વામી નામ વિસાર્યા

જીરે ભાઇ રે આત્મજ્ઞાન કહી કહી થાકીયા
ત્યારે સદ્‌ગોર નામ વિસાર્યા

જીરે ભાઇ રે મોકા મુકતનાં થાય જો ભલા
તે સુતા આ સંસારી

જીરે ભાઇ રે *"સદ્‌ગોર બ્રહ્માજી"* આ ધણી છે
તો મનમાં કરો રે વિચાર

જીરે ભાઇ રે વેળા છે ચખડી તમે સાંભળીને ચાલો
તો સ્વામીનાં નામને આરાધો

જીરે ભાઇ રે વીરા રે તમારા પાતક જાશે
તો મોક્ષ મુકત જીવ લેશે

જીરે ભાઇ રે બોલ્યા સદ્‌ગુરૂ તમે સાચું કરી જાણો
ત્યારે સુખીયા રે ફળ તમે લેશો

૪૫. જીવ છોડાવવાને સતપંથ મળીયા અને સાચુ બોલો.

જીવ છોડાવવાને સતપંથ મળીયા અને સાચુ બોલો.
જબ એક જુઠુ રે બોલશો તો ખોશો ભવની કમાઇ.
કાળ-ક્રોધ-લોભ-સ્વાર્થ વાળીએ અભિયાન ના આણી.
મન લરજીને ચાલીએ તો પામીએ સાહેબનાં દિદારને દર્શન.
સતપંથ સાચા તે સાચા હૈ અને સાચા પીર પીછાણ.
ચાંદરણા પરગણાં જેમ રેતી ઉગીયા રે ભાણ.
ચારે જુગમાં અંધારું ટળશે અને જગમાં કરશે એકજ વાસ.
અથર્વવેદમાં એમ ભાખીયા ભાઇ સર્વે થાશે હોશિયાર.
ભાઇ નવખંડમાં હલ-હલકાર હોંશે અને પલટાશે સર્વે જન.
ચાંદા-સુરજ બેઉ કંપશે ત્યારે કાંપશે રે ત્રણ ભવન.
નકલંકીએ સવારી કરે છે અને ત્યાં નિર્મળ કરે છે દેહ.
ત્યારે સવા રે લાખવરસનું પરબ રચાશે અને નિર્મળ કરે છે દેહ.
નુર-વાચલ દેવોને હુકમ કરશે ત્યારે નુરનાં વરસે મેહ.
ઝાંખા, મેઘા, કેન્નર બત્રીસ કરોડી દેવ આવશે પાંચ,સાત,નવ ને બાર.
અનંત કરોડી દેવ કળયુગમાં થાશે ત્યારે સેવશે દર્શન ને દિદાર.
ત્યાં ઢો-દડામણ અતી ઓરછવ ત્યાં ઘેર-ગેર આગ લાગશે.
સ્વામી પુંજાનાં ફળ આપશે તેનાં ગુણ કહીયા ના જાય.
દેવ દાનિઓનાં હિસાબ પઢતાં અને પુજાનાં ફળ આપશે.
મુનિવરોની કાયા અમર રહી છે ત્યાં દુનિયા મરી મરી જાય.
ભણે *"ગોર ઇમામશાહ"* તમે સુનો મુનિવરો.
તમે થાઓ ને હોંશિયાર ભાઇ વિલંબ નહી રે લગાર.

૪૬. મુનિવર મહાદન આવીયા ત્યારે રૂડીએ વિચારી જોયું

મુનિવર મહાદન આવીયા ત્યારે રૂડીએ વિચારી જોયું
મહા વખડી વેળા રે આવશે ત્યરો સ્થિર નહી રહેશે કોઇ
જયારે દહાડો-દહાડાને લોપશે વર-વેલાનાં જુજવા રે
અથર્વવેદમાં એમ ભાખીયા ભાઇ નીરમાં ડુબે રે નાંવ
ત્યારે નીર વિનાં રે નાવ ડુબશે અને વહેશે પાપનાં પુર
ત્યાં સત-સત્ય શોધ્યા નહી મળે ત્યારે સ્વામી જાશે રે દુર
ભાઇ હેત-હેતાવર તુટશે અને ઉઠશે દયાને ધરમ
જયારે ધરમી-ધરમીની નિંદા કરશે ત્યારે ઉપજશે બહું રે કરમ
ત્યારે માડી જાયા બંધવા માંહે માંહે દેશ રે ગાળ
જે માં-બાપને ગાળો બોલશે ત્યારે આવશૈ પુરણ
જે સતપંથ લઇને હારી ગયા બોલે મકરની રે વાત
જેણે નિંદા કીધી ગોર નર ની તેને નરકે પડીયા સાત
એવી વેળાને વેરણ આવશે અને સાહેબ થશે અસવાર
ત્યારે નાસ્તિકને જુગમાંથી ટાળશે કુળ દૈત્યનો કરશે સંહાર
ત્યારે ન દાનવી પૃથ્વી અને હોંશે રે જમનાં
ત્યારે દહિંત કાળીગાને છેડશે અને રાજ પોતે રે કરશે
ત્યરે નવખંડમાં આપે શાહોજી રાજા અને અવર બીજાનાં હોય
જયારે રૂખેશરને રગ-રગ આલશે ત્યારે મુરખ હાથ ઘસશે હોજી
ભાર દશોદ વિનાં કયાંથી પામીએ તમે વિચારો પંડિત રે ભેદ
ત્યાં પસ્તાવો પડશે ગયા ફળો તમે સુણો મુનિવર ભાઇ
ભણે *“ગોર ઇમામશાહ”* સુણો મુનિવર મારા રૂડીયામાં રાખો
જે સાહેબ તમને દેખાડશે તેને જાણો ઇમામશાહ પીર

૪૭. જીરે ભાઇ રે પશ્ચિમ દેશે આપણાં સ્વામી અવતરીયા

જીરે ભાઇ રે પશ્ચિમ દેશે આપણાં સ્વામી અવતરીયા
તો દેવે નકલંકી નામ ભણાવ્યા . . . . .

જીરે ભાઇ રે નવખંડ ચૌદસી હુવા રે . . . (૨)
તમે સતી લોકો પડો ને પાય . . . . .

જીરે ભાઇ રે બંધવો સતગોરને વધાવો . . . (૨)
એ સ્વામી ત્રિભોવનનાં રે રાજા . . . . .

જીરે ભાઇ રે મન ડેરા અંદર ભાગો હો વીરા . . . (૨)
તો પાંચ ભુવામાં ને વાળો . . . . .

જીરે ભાઇ રે નવ અવતાર સહી કરી માનો . . . (૨)
આજ કળજુગે ભવ કરી જાણો . . . . .

જીરે ભાઇ રે દશ અવતારને સાહેબજી . . . (૨)
તે નકલંકી જાંબુદ્વિપે બેઠા . . . . .

જીરે ભાઇ રે અસપતિ, નરપતિ, ગજપતિ ચઢશે . . . (૨)
સ્વામી તારે આદેશ . . . . .

જીરે ભાઇ રે અમ્મર જગ્યાએ અમરાપોર રચીયા . . . (૨)
તે સાહેબની એક જ વાણી . . . . .

જીરે ભાઇ રે તીરથે કોઇ ગોર નર પરગટ બેઠા . . . (૨)
દેવે નકલંકી નામ ભણાવ્યા . . . . .

જીરે ભાઇ રે અનંત કરોડીનાં મેળા જાંબુદ્વિપમાં હોશે
ત્યઉં તો અમરાપોર રચાશે . . . . .

જીરે ભાઇ રે બાર કરોડીનાં મેળા પરગટ થાશે . . . (૨)
એમ કરતાં કહેતા તે દેવ મોરારી . . . . .

જીરે ભાઇ રે જ્ઞાન અમીરસ ભણે *"ઇન્દ્રે ઇમામશાહ"* . . . (૨)
જેણે જાંબુદ્વિપમાં તખ્ત રચાવ્યા . . . . .

૪૮. ભાઇ પીચું પીચું કીજીએ ને રૂડિયામાં ઉપજે જ્ઞાન

ભાઇ પીચું પીચું કીજીએ ને રૂડિયામાં ઉપજે જ્ઞાન
એ દેહ તો નિર્મળ થાએ જો રાખો સાહેબનું ધ્યાન
જો ધ્યાન એક જ ચિતે રાખીએ તો દિલમાં ઉપજે હેત
શ્વાસે શ્વાસે આરાધીએ કદીએ ના દીજે તો છેહ
છેહ નાં દીજે સાવા સાહેબ શું જો જાએ દેહનાં ટુકડા
દમે દમે પીચું ને સમરીએ એક દિન એળે ના જાય
જો દમ જાએ સાચા સાહેબ વિનાં સો જાણો ગુરૂદ્વાર
તે સાહેબને કેમ છોડીએ એક પલનાં કીજીએ વાર
ભાઇ ગફલત દિલથી વારીએ અને કુળ-કપટ સબ કરો દુર
દુરમતી નિંદ્રા પર હરે તો રહેશે સાહેબ હજુર
ભાઇ હાજર સાહેબને કાઢીએ જો હરફનાં કાઢીએ બહાર
એવી રે સાચશું અને જપીએ સરજનહાર
સરજનહારા સબકા દાતાર હૈ અને પુરે સબકી આશ
ઘટ પાટ સ્થાપી કસાયા જેમ ફુલોમાં વાસ
દુધ માંહે જેમ ગરથ હૈ અને વસે તજમાં પ્રાણ
તેમ વસે જગમાં છાયા અને ઘટઘટમાં વ્યાપીક જાણ
જબ તક ઘટમેં પ્રાણ હૈ તબ તક ચેતો રે વીર
નીત નીત જપ કરે જાણીએ એમ કહે સદગોર પીર
ભણે *"ગોર ઇમામશાહ"* તમે મુીનવરો સાચી રાખો મનમાં ધીર
આ સાચું રૂડિયામાં રાખો તો નિર્મળ થાએ શરીર

૪૯. વાર શુક્રવાર જાણીએ રે પુનમ પ્રગટીયા મોરાર રે .

વાર શુક્રવાર જાણીએ રે પુનમ પ્રગટીયા મોરાર રે . . . (૨)
હંસા લખી નખેતર સાહેબ આવશે.
જાન છોડાવી ચૈયતની રે ઝાંખા નવ્વાણું સાથ . . . (૨)
છપ્પન કરોડી મેઘા આવશે.
પાંચમે પ્રહલાદ આવશે રે સાતમે હરિશચન્દ્ર રાય . . . (૨)
નવે યુધિષ્ઠર આવશે.
બારમે સદ્ગોર દેવ આવશે રે જુએ સતગુરૂની વાર . . . (૨)
અનેક યોધ્ધા સાહેબ છોડાવશે.
કોલ સાહેબનો પુરો થયો રે સર્વે બંદાને કાજ . . . (૨)
આઠે દિન સાહેબ જગાવશે રે.
દિન જગાવી સાહેબ આવશે રે નર નકલંકી અવતાર . . . (૨)
પાંચમો વેદ ગોર બ્રહ્મા ભણાવશે.
ચીત ચોરાવી રાખશે રે નહી જાણે જમલી જમાત . . . (૨)
મુખી મુસાફર શોભે હિંડતા.
સાહેબ પેરે શોભતા રે પહેરે પાંચે પોશાક . . . (૨)
નવરંગ ટોપી સાહેબ ધરાવશે.
માંથે મુગટ નુરનાં રે માંહે સોળ કળા . . . (૨)
સાહેબ કમ્મરે કટારી બાંધશે.
સાહેબ કટારી કમ્મરે બાંધશે રે લેશે . . . (૨)
સહસ્ત્ર ઘોડો શાહનો હંસલો.
સાહેબ બાળા વેશે આવશે રે ઉપર છત્ર ઢોરાય . . . (૨)
ચમ્મર ઢોળાવે સાહેબ .
ભૈરવ ભુંગળ વાગશે રે વાગે ઢોલ ને ધમકાર . . . (૨)
છત્રીસ વાજાં વાગે પ્રેમનાં.
ગોરખ પહેરે મુંગટ રે ભમ્મર ઢોલા રે હાથ . . . (૨)
દળની માંહે ગોરખ ચલાવશે.
નવ લાખ શીગી વાગશે રે સાથે શીવને શકિત . . . (૨)
ખપ્પર ભરાવે સાહેબ દહિંતનાં.
અગમ ભણે *"ગોર ઇમામશાહ"* બંદા થાઓ રે હોંશિયાર
નરક દીશે આગળ દોહયલો.

૫૦. ગફલતનાં સુણો મારા મુનિવરો સુતા રે નિંદ્રામાં અઘોર

ગફલતનાં સુણો મારા મુનિવરો સુતા રે નિંદ્રામાં અઘોર
તે સતનો માલ સર્વે ખોઇ રહીયા લુંટી જાશે માંહેથી ચોર
ભાઇ માંહેથી સર્વે લુંટીયા અને ખાલી થયા રે શહે
આ સત જાઇએ તે નહી મળે તેની આ થકી કરજો રે પેર
તમે જાગો જાગો રે અહીયા સતસુ અને રૂડીયામાં થાઓ હોંશિયાર
આપણો સાહેબ હિસાબ માંગશે ત્યારે કેમ કરી દેશો જવાબ
તમે ચિંતમાં ચેતીને ફીકર આણો આવે ચારે રસ્તે હળીયા ખેત
ત્યાં લાભ જાશે ને આવશે ખોટ ત્યારે સત વિનાં તુટશે હેત
અહીયા ધરમની ખેતી કીજીએ તમને કહું છું આ મરમ
ભાઇ સતની વાડી કજિએ તેમા દશોદી વાવો બીજ
ઉપજ જકરનાં પાણી સીચીએ તો કરજ સબ કુછ નીપજે હોય
પહેલી ક્રિયા તમે કીજીએ અને રૂડીયાથી ભાઇ સાચું બોલ
બીજી ક્રિયા હરિનું નામ લીજીએ દુઃખ સઘરૂં ભાગે રે તેહ
ત્રીજી ક્રિયા મન વશ રાખીએ અને પુજીએ ઘટપાટ દેવ
ગોરનાં ચરણ ધોઇ પીજીએ ભાઇ એ છે આપણો ધરમ
ચારે જુગ તું ભમી વળીયો ઓથો કળજુગ ઉતરવો રે પાર
કોલ દીધીને વાચા રે પાળજો અથર્વવેદ પ્રમાણે રે સાર
દિલમાં ધરો રે સબુરી ને સત્યની અને મન રાખો રે ધીર
મહા સરાવર જળે ભરીયા તેનિ પાળ ફુટે ને વહી જાશે નીર
ભણે *"ગોર ઇમામશાહ"* મુનિવર રૂડીયામાં રાખો રે વાત
નામ લીજીએ સાચા સાહેબનાં જપ કરો દિવસ ને રાત

૫૧. જીરે પશ્ચિમ થકી રે નકલંકી ચઢશે.

(૧). જીરે પશ્ચિમ થકી રે નકલંકી ચઢશે
મેળો હોશે જાંબુદ્વિપ માંહે રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૩). જીરે અખંડ રૂપે રે નકલંકી કહીએ
તે તો અકળ કળા નવ જાય રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૪). જીરે અખંડ રૂપને તમે પારખો
તેનું સોળ કળાનું તેજ રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૫). જીરે અસવારી કરો મારા માવજી
સર્વે સૈન્ય ને લાવો રે સાથ રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૬). જીરે આદે અંતના દેવ તેડજો
સર્વે દેવ ચઢશે અસવાર રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૭). જીરે પાંખરીયા તે રંગ પલાણ જો
તેને જડતર જડીયા છે અપાર રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૮). જીરે શ્વેત ઘોડાને શ્વેત તાજ
તેનો શ્વેત કરોને શણગાર રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૯). જીરે શ્વેત વાઘા શાહોજીને પહેરાવો
તેને ચહેરાનું તેજ અપાર રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૧૦). જીરે શ્વેત શણગાર શ્વેત તમારા
તેને હીરલાં જડતર જડીયા રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૧૧). જીરે પગની મોજડી શાહોને શોભતી
તેને મોતી જડયા છે અપાર રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૧૨). જીરે હાથનાં રૂમાલે કુમટા જડયા
તેનો તેજ તણો નહી અપાર રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૧૩). ત્રણ ઘારુ ખાંડુ હરિએ ઘર્યુ
તેનું સહસ્ત્ર કળાનું તેજ રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૧૪). જીરે કોરા કાગળે કંકોત્રી લખી

ત્યાં તો તેડજો આદે અંતનાં દેવ રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૧૫). જીરે કરણ કલફનાં દેવ તેડજો
ત્યાં તો માંડવે દેવ નહી માંચ રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૧૬). જીરે ઝાંખા, મેઘા, ડમ્મર તેડજો
કેન્નર બત્રીસ કરોડી સાથ રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૧૭). જીરે નવ્વાણું કરોડીને તેડજો
છપ્પન કરોડી સાથ મેઘા રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૧૮). જીરે તેત્રીસ કરોડી દેવ તેડજો
તેનાં તેજ અપાર રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૧૯). જીરે ચાર જુગનાં દેવને તેડજો
સર્વે દેવતા આવ્યા છે સાથ રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૨૦). જીરે કર્તાયુગમાં દેવ આવીયા
ઋગવેદનો રાતો છે રંગ રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૨૧). જીરે રાતા ઘોડા ને રાતા જોડાં
તેનાં પહેરણ રાતા શણગાર રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૨૨). જીરે પાંચ કરોડી જીચ આવશે
તેનાં મુખી છે પ્રહલાદ રાય રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૨૩). જીરે ત્રેતાયુગમાં દેવ તેડાવશે
યજુર્વેદનો પીળો છે રંગ રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૨૪). જીરે પીળા તે ઘોડા ને પીળા જોડાં
તેનાં પીળા છે શણગાર રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૨૫). જીરે સાત કરોડી દેવ તેડાવજો
તેનાં મુખી છે હરિશચન્દ્ર રાય રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૨૬). જીરે નવ કરોડી જીવ તેડાવજો
શામવેદનો કાળો છે રંગ રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૨૭). જીરે શ્યામ ઘોડા ને શ્યામ જોડાં
તેનાં શ્યામ છે તલબ નિશાન રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૨૮). જીરે નવ કરોડી જીવ આવશે

તેનાં મુખી છે યુધિષ્ઠિર રાય રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૨૯). જીરે ચોથા કળયુગનાં દેવ તેડજો
અથર્વવેદનો રંગ છે શ્વેત રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૩૦). જીરે લીલા ઘોડાને લીલા ને જોડાં
તેનાં લીલા છે તલબ નિશાન રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૩૧). જીરે બાર કરોડી જીવ તેડજો
તેનાં સહદેવ છે સરદાર રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૩૨). જીરે અનંત કરોડીને તેડજો
તેનાં પીર સદ્‌ગોર નામ રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૩૩). જીરે શ્વેત ઘોડા ને શ્વેત જોડાં
તેનાં શ્વેત છે તલબ નિશાન રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૩૪). જીર કમળા કુંવરને તેડજો
તે તો અનંતનાં મુખી કહેવાય રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૩૫). જીરે કોણ આવ્યું ને કોણ આવશે
આવશે ચોવીસ મુલકનાં દેવ રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૩૬). જરે નવકુળ નાગ ને તેડજો
તૈનાં માથે છે દીવડાનાં તેજ રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૩૭). જીરે આઠ કરોડીને તેડજો
સર્વે ભુતાવળ દેવ છે સાથ રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૩૮). જીરે ભૈરવ-ભુત સર્વે આવશે
તે તો દૈત્યનાં કરશે સંહાર રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૩૯). જીરે ચોસઠ લાખ જોગણીને તેડજો
ત્યાં તો ઢોલ ડમરૂ વાય રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૪૦). જીરે દૈત્ય લડે ને લોહી પડે
તેને જોગણીઓ ભરી ભરી પીએ રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૪૧). જીરે નવસો નવ્વાણું નદીઓ તેડજો
તેનાં અમીરસ થાશે નીર રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૪૨). જીરે અડસઠ તીરથ આવી મળીયા
ગોર બ્રહ્માજી છે પાસ રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૪૩). જીરે વસમાં કુંવારીકા ત્યાં રહે રે
જાંબુદ્વિપની મોઝાર રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૪૪). જીરે ગોર બ્રહ્માજી તખ્તે બેઠા
તે તો પીરાણાધામ મોઝાર રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૪૫). જીરે જાંબુદ્વિપ ભરતખંડ કહીએ
કરોડી બાર જોઝન કહેવાય રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૪૬). જીરે સહસ્ત્ર દીપ એરાખંડ કહીએ
ત્યાં તો દશમો નકલંકી અવતાર રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૪૭). જીરે જાંબુદ્વિપમાં હરિ પોતે આવશે
ત્યાં તો હોંશે જય જયકાર રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૪૮). જીરે શહેર વર્જાનગર ગામ કહીએ
ત્યાં તો હિમપોરમાં તખ્ત રચાય રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૪૯). જીરે નર નકલંકી નું તેજ કહીએ
તે તો પુરા છે નર અવતાર રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૫૦). જીરે સદ્ગોર બ્રહ્માનાં ઘેર આવીયા
તેમનાં નર નકલંકી નામ રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૫૧). જીરે સોળ કળા અંગે શોભતી
તે તો નર જામો કહેવાય રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૫૨). જીરે સદ્ગોર બ્રહ્મા સેવીએ
એની આભ માંહેથી નર પ્રગટ થાય રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૫૩). જીરે અસ્વારી કરો મારા માવજી
સર્વે સૈન્ય કરો તૈયાર રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૫૫). જીરે હરખ ભર્યો મારા માવજી
સાતે ફિરસ્તા ચમ્મળ ઢોળે રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૫૬). જીરે થાળ ભરો રે સાગ મોતીડે
ચાર સતીઓ વધાવવાને જાય રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૫૭). જીરે સીતા-કન્તાને દ્રૌપદી
ચોથી તેડાવો હરિશચન્દ્રની નાર રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૫૮). જીરે કળજુગની સતી તેડાવજો
સતી સુરજા રાણી છે નામ રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૫૯). જીરે રાગ રાગણીને તેડજો રે
ત્યાં તો નારદ વીણાં બજાવે રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૬૦). જીરે વાજીંત્રો વાગે અતી ઘણાં
ત્યાં તો શરણાઇનો નહી પાર રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૬૧). જીરે સતી ગોરખને તેડજો
ત્યાં તો શીગીનાં નાદ પુરાય રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૬૨). જીરે અનસુયા સતીને તેડજો
સવા કરોડી દત્ત રાશી સાથ રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૬૩). જીરે સંત મહાત્માંને તેડજો
તે તો એકલાખ એંસી હજાર રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૬૬). જીરે સાત સમુંદરને તેડજો
સર્વે દેવતાનો એક ઘુંટ થાય રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૬૭). જીરે આગલાને પાણીને પાછલાને ગાળો
ત્રીજાને તો રહેમત થાય રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૬૮). જીરે સૈન્ય સઘરા આવી મળે
હવે ચાલવાનો કરો વિચાર રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૬૯). જીરે હરખીને શાહોજી બોલ્યા
પહેલા પાંડવોનાં સૈન્ય કરો આગેવાન રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૭૦). જીરે ઘેરથી શાહોજી નીસરીયા
સામી મળી એક સુંદર નાર રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૭૧). જીરે સૈન્ય તો સઘરૂં ચાલ્યું રે
સતીઓ ધોળ મંગળ ગાય રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૭૨). જીરે સૈન્ય ચાલે ને ધરતી ધમ ધમ રે
અને ખેત ઉડે આસમાન રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૭૩). જીરે ચાંદો સુરજી શાહોજીની શાખ પુરે
ત્યાં તો થયો છે ઘાર અંધકાર રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૭૪). જીરે ત્રણ ધારું ખાંડુ હરી હાથ લેશે
તેનાં તેજથી સૈન્ય ચાલ્યું જાય રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૭૫). જીરે પાંચ નદી મુલ સ્થાન કહીએ
ત્યાં તો દૈત્યનો સંગ્રામ રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૭૬). જીરે મારી દાનવ નર સંહારશે
ત્યાં તો વરતાશે જય જયકાર રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૭૭). જીરે સૈન્ય સઘરૂં ચાલી આવશે
હવે માંડવાનો કરો રે વિચાર રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૭૮). જીરે જાંબુદ્વિપમાં શાહોજી આવશે
ગોર બ્રહ્માને દરબાર રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૭૯). જીરે ધોળ મંગળ ત્યાં ગવાશે
હવે પરણવાનો કરો વિચાર રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૮૦). જીરે વસમાં કુવારિકાને હરિ પરણશે
"ગોર બ્રહ્માજી" ભણે છે વેદ રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૮૧). જીરે માંચ રે આવીયા મારા માવજી
તે તો ચૌદ ભવનનાં નાથ રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૮૨). જીરે માંડવો છાયો વનમાળીએ
ત્યારે કાંઇ સાસુખ પોંખવાને આવે રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૮૩). જીરે પોંખીયા ત્રિભોવન હૈયામાં હરખાયા
તે તો આવે છે ચોક મોજાર રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૮૪). જીરે તખ્ત ધોળીને સાહેબ બેસશે
તે તો બેઠા માંચરાની માંચ રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૮૫). જીરે પરણી ત્રિભોવન હૈયામાં હરખીયા
ગોર બ્રહ્માજી બોલાવે રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૮૬). જીરે પહેલા મંગળ રે વરત્યાં
સર્વે સૈન્ય થાઓને તૈયાર રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૮૭). જીરે બીજુ તે મંગળ વરતાયું
સર્વે સૈન્યમાં જય જયકાર રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૮૮). જીરે ત્રીજું મંગળ ભલે વરતાયું
સતીઓ ધોળ મંગળ ગાય રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૮૯). જીરે ચોથુ મંગળ વરતાય રે
ત્યાં તો વર-કન્યા કંસાર ખાય રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૯૦). જીરે માંડવામાં સર્વે સૈન્ય બેસીયા
હવે પહેરામણીનો કરો વિચાર રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૯૧). જીરે માંડવો સર્વે પુરો થયો
ત્યાં તો પરણીયા ત્રિભોવન નાથ રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૯૨). જીરે સવા લાખ વર્ષનું રાજ કરાવશે
પછી મહાદનનાં લેખા થાય રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૯૩). જીરે દશાંશ સુકિત જે નર પુરા હોશે
તે તો પામશે અમરાપોરનું રાજ રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

(૯૪). જીરે એમ બોલ્યા *“ગોર ઇમામ”* રે
ધોળ બોલ્યા છે જય જયકાર રે. . . . વેવાહનાં તોરણ બાંધીયા

૫૨. આજ કાલ માં કાળીગો આવશે તેનાં છે પહેલા એંધાણ

આજ કાલ માં કાળીગો આવશે તેનાં છે પહેલા એંધાણ
જે અકકલ હીણાં ને શ્રધ્ધા હીણાં તે તો ભુલીયા છે નિરવાણ
તે સાત પેઢીનાં સગાં દેખાડશે અને દેખાડશે માં ને બાપ
ભાઇ એની પેરે સર્વને પરમોડશે કાશી વિશ્વનાથ જપાવે જાપ
ભાઇ તેનાં ચોવીસ ચેલા આવશે અને મુંખમાંથી બોલે છે ભાંડ
તે પાણી મંત્રીને ગરથ નીપજાવશે રેણું મંત્રીને કરશે ખાંડ
ભાઇ કાળીગો અત્રીગ આસન ભરી બેસશે અને માનવીની પુરે છે વાસ
ભાઇ કાળીગો છ માસ સુધી હથિયાર બાંધશે અને યુધ્ધની કરશે રે પેર
સુરજારાણી કુંવરને શીખામણ આપશે તમને પોતાને ઘેર

ભાઇ કમળાકુંવરને રાજપાત સોંપીયા તમે સઘરાં કરજો રે કાજ
અર્ઘ ગરથ ધન-માલ સોંપીયા અને સોંપીયા તે મહાચીન નગરીનાં રાજ
ભાઇ કળીગો ચટ-પટ ચાળા કરતો આવશે અને સરસ્વતી નદીએ કરશે મેલાણ
જે સતીયા લોકોનાં સત્ય ચુકાવશે એની રીતે લેશે કોઇનાં ઇમાન
એ કળયુગ આવ્યો ઢુંકડોને મુનિવર થાઓને હોંશિયાર
ભાઇ કાલે કરતાં તો આજ કરો હવે નકલંકી થાશે અસવાર
ત્યારે છમસર ચોલોતર પુરા હોંશે ચૈત્ર માસને ગુરૂવાર
તે દિવસે સૈન્ય શાહોજીનાં ચડશે ત્યારે સાહેબ થાશે અસવાર
ભાઇ વેળા તે પોતાને રતમોરી અને હેતનાં વરસે નુર
જયારે સૌએ નિશાન પુરા હોશે ત્યારે પશ્ચિમ થકી ઉગશે ભાણ
ભણે "ગોર ઇમામશાહ" સાંભળો મુનિવરો અને જાણજો એક દયાળ
તમે ચેતી શકો તો ચેતજો હવે આવીયો પુરણ કાળ

૫૩. વેળા રે પાકી ને વિલંબ ના કરો મુનિવર કરો રે આરધ્ય

વેળા રે પાકી ને વિલંબ ના કરો મુનિવર કરો રે આરધ્ય
અહી સત સંતો રે ચાલીએ અને બહાર કાંઇ ના બોલીએ વાત
મીઠી વાંણી મુખેથી બોલીએ અને સુક્રીત કીજીએ રે સાર
ભાઇ જયાં રૂડીયેથી સત્ય જ બોલીએ અને મુંખેથી ના કીજીએ ગાર
ભાઇ મર કાયાનાં દોષ છે અને મર કહેતાં મરી જાય
ભાર હિંસા કીધાના થાય છે ભાઇ શબ્દ એક જ સાર
ભાઇ પીચું પીચૂં કીજીએ અને ઘટમાં વસે વાસ
કાળો ભમરો રે તને કમળ વસીયો તેનાં દર્શન કેમ રે થાય
એણે કામ-ક્રોધ બહુંત ઘેરીયા લુંટે મુખ મુંગટની રે વાત રે
જે પુરાવે પુણ્ય લુંટે પાસવ તેને લઇ જાશે નરક ને ઘાટ
ભાઇ પ્રેમ વાણી મુંખેથી બોલીએ અને હૃદયે બ્રહ્મ જ્ઞાન પ્રકાશ
ત્યાં કાળ આવીયો ઢુંકળો તેનાં મંદિરે પીચુજીને વાસ
હવે અસ્વારી રે આવી ઢુંકળી અને હાથે થાઓ હોંશિયાર
જેને ઘોડે ઘુઘળ માળ જડીયા ભાઇ તેને પલાંણ ત્યાં સવાર
સાહેબની અસ્વારી ચઢશે અને માંડવે કરશે રે મેલાણ
ત્યાં કુદરતી નગારાં વાદગશે ત્યારે નવખંડે થાશે રે જાણ
ત્યારે સુરજારાણી જાગશે અને કમળાકુંવર તું જાગ
સાહેબ આવવાનો અવાજ થાએ પુણ્ય અમારાં ભાગ્ય
ભાઇ તન-મન સોંપી પાયે લાગીએ અને સ્વામી ની સાર
જયારે દૈંત્ય કાળીગાને મારશે ત્યારે થાશે આપણો ઉધ્ધાર
ભણે *"ગોર ઇમામશાહ"* તમે સુનો મુનિવરો રહીયા તે દિન દો યા ચાર
ભાઇ તે વેળા આવી ઢુંકળી તમે વિલંબ ના કરો લગાર

૫૪. મુનિવર ઐસો રે લડીએ અને જે કરવા ને કાજ

મુનિવર ઐસો રે લડીએ અને જે કરવા ને કાજ
સાચા સાહેબ તો પાઇએ ભાઇ એવું રાજ લીજીએ નામ
શ્વાસે-ઉચ્છવાસે આરાધીએ અને હરફ ના કાઢીએ બહાર
પાંચ ચોરને વારીએ ને માંગીએ પદારથ ચાર
ત્યાં ફકર-જકર માંદીએ અને પામીએ સંતોક ને સાર
પહેલું ઇનામ અવિચળ માંગીએ જો ઇમાન હોવે સાચા
જીભ-રૂડીએથી જુઠું ના કહીએ જો મનમાં દિલ હોય પાક
ઇમાન સાહેબ શું રાખીએ અને ફરી ફરી રાખીએ મહેર
જે શ્રધ્ધા વિનાનાં તે ઉજડી ગયાં ભાઇ તે ફરી નહી આવે ઘેર
ત્યાં એવા ઘેર લડીરે મન પાએ સાંચ
પરમ પરીત આરાધીએ અને મુંખે ના કીજીએ માર
પરથમ કર્તાયુગમાં આવીયા મુનિવર કસણી સહી સાચા
ઋગવેદનાં વાયકે ચાલીયા ભાઇ તે પાકા પાંચ કરોડી
બીજા ત્રેતાયુગમાં આવીયા મુનિવર ભણીયા સાચા
યજુર્વેદનાં વાયકે ચાલીયા ભાઇ તે પાકા કરોડી સાત
ત્રીજા દ્વાપરયુગમાં આવીયા અને પાંડવ દેવ ચાલ્યા વન
તે શામવેદનાં વાયકે ચાલીયા તો નવસે નવ્રત રાખશું મન
આજ ચોથા કળયુગમાં આવીયા મુનિવર ચંત અચંત
જે અથર્વવેદનાં વાયકે ચાલશે તે આવશે ઘેર બાર કરોડી અનંત
ભણે *"ગોર ઇમામશાહ"* સુણો મુનિવરો અને સાચા પરમાણે અથર્વવેદ
વેળા ઉપર ભાંખીયા કોલ ભગવતનો ભેદ

૫૫. કોલ દઇને જીવ તું આવીયો ઉદર વસીયો દશને માસ રે

રાગઃ (રાજા ભરથરીનો)

કોલ દઇને જીવ તું આવીયો ઉદર વસીયો દશને માસ રે
સમરણ કીધાં જીવડા ત્યાં રહીને, બહાર જાંઉ તો કરુ જપ ને તપ. . . કોલ દઇને જીવ

બહાર આવ્યો પાંસે પીયું નહી અને મીઠો લાગ્યો સંસાર સ્વાદ
વાચા દીધી જીવડો વિસરી ગયો, તેણે ઓળખીયા નહી સર્જનહાર. . . કોલ દઇને જીવ

ક્રિયા ને આચાર વિચાર પાળજો ક્રિયા પાળે કામ શુધ્ધ રે થાય
પહેલો દહાડે નારીનો ચંડાળનો તેને બેસીને રહેવું ઓરડીને મોઝાર રે
બીજો દહાડો નારીનો શંખણી તણો અને કકલતાં અન્ન રે ખાય
ત્રીજો દહાડો નારીનો ધોબણનો અને નીને દુર જ રહેવું ધોઇને
ચોથો દહાડો નારી જળે કુંભ ભરે પાંચમે દહાડે મનખા દપહ થાય
છહે દહાડે નારી ગૃહસ્થિી ધરમ પાળે એવા ધરમી સતપંથી કહેવાય . . . કોલ દઇને જીવ

સાતમે દહાડે નારી લાઇ ઉતારે આઠમે દહાડે લાઇ ઉતરી જાય
ક્રિયા ને કીણી નારી પાંગણી બેસી રહે દરવાજા બહાર
આજ ઘટમાં જાશે ને દેદાર હોંશે નહી જાય તો તેનાં ફોગટ ફેરા રે
ચઢીને અસ્વારે રૂખેશર પાછા ફરીયા અને પાછળથી થાળ ભેજાય રે
સતવંતી નારી સૌને પીરસશે જમાડી ને જમશે સતી નાર રે
મોહવી હીડોળા ખાટે હીચશે અર્ધાંગની કળજુગની નારી રે
પવન વેગી ઋખેશરનાં બેસણાં અને સતી કુલવેગી પાલખી
"સતગોર ઇમામશાહ" એમ બોલ્યા મુનિવર બાંધો પુણ્યની પાળ. . . કોલ દઇને જીવ

૫૬. માયા મંડાણી ને તું રે જોગણી, તો અલેખ પુરુષ ઘેર હું આવી રે

માયા મંડાણી ને તું રે જોગણી, તો અલેખ પુરુષ ઘેર હું આવી રે
મેં જુગ જોયા ને હું રે જોગણી, તો હજું છું હું બાળ કુંવારી રે
માંડવે માંડવે પણેલી ને લગને લગને કુંવારી તો હજું છું હું

કર્તાયુગમાં હું તો ઉમીયા કહેવાણી, ને ઈશ્વર ઘેર હું આવી
મયકાસુરને તો મેં રે મરાવ્યો, તો માન સરોવર માં ભુલી. . . . . માયા મંડાણી

ત્રેતાયુગમાં હું તો જાનકી કહેવાણી, ને રામચંદ્રજી ઘેર હું નારી
રાજા રાવણને મેં રે મરાવ્યો, તો સેજમાં પાળ બંધાવી રે. . . . . માયા મંડાણી

દ્વાપરયુગમાં હું તો દ્રૌપદી કહેવાણી, તો પાંચ પાંડવ ઘેર હું નારી
મહાભારત જંગ તો મેં રે કરાવ્યો, તો બહું દેવ રે છોડાવ્યા. . . . . માયા મંડાણી

કળયુગમાં હું તો કાળકા કહેવાણી ને તો સહસ્ત્ર રૂપે હું આવી
એક હાથે ખાંડુ ને બીજે હાથે ખપ્પર, તો સુવર્ણ કુલડે હું ખેલી . . . . . માયા મંડાણી

માયા માથે હું માતા ભવાની, તો એવા કારણે હું તો દેવી
ગુરૂ પ્રતાપે ગોરખનાથ જ બોલ્યા, તો જુગમાં માયા હું તો આવી . . . . . માયા મંડાણી

૫૭. જીરે ભરતખંડે જાંબુદ્વિપમાં હરિનો દશમો અવતાર રે

જીરે ભરતખંડે જાંબુદ્વિપમાં હરિનો દશમો અવતાર રે
જીરે સતગુરૂ હોંશે રે હાટમાં જડે જ્ઞાન કેરી જડી રે
જીરે જ્ઞાન દીપક સંભળાવીએ સતગુરૂએ બતાવ્યા અમર ભેદ
જીરે અંડશ-પંડશ ગુરૂ નગ જડી ત્યારે પાતક થાશે પરલેપ
જીરે પંચ તત્વની રચના બને ત્યારે ત્રણ ગુણ ભુવન કીધાં રે પ્રકાશ
જીરે પાંચે રસને બાળીએ તેનાં રૂ સહસ્ત્ર પામશો રે
જીરે નાંભી કમરથી નીપજે ત્યાં ગેબી ગરજે નાદ
જીરે સોને બખર ને સતાધરી ત્યાં થાય છે અજંપા જાપ
જીરે ઈંગલાને પીગલા નાં રંગમાં ત્યાં સુખ થાય છે અતી સાર
જીરે વખતે ના નાટકમાં રહેતા ત્યાં અનહદ થાય છે પ્રકાશ
જીરે અનહદ વાજા ગડગડે ત્યાં થાય છે જય જયકાર
જીરે એ ઘેરથી અમે ઉતરીયા ત્યાં થાય હરિજન જવરલા કોઇ રે
જીરે નુર સુરતની રચના બની પારખી જાશે પિતાની પાસ રે
જીરે અખંડ જયોત ત્યાં ઝગમગે ત્યાં લેખે પુરુષ કેરા મેળ રે
જીર અલખ નિરંજન ને સેવીએ તો જનમ-મરણનો ભેદ જાય રે
જીરે ગાયે શીખે ને સાંભળે તેને મીરા કેરા હજો સહાય રે

૫૭. ત્રણ જુગ માંહે અવતાર સૌ જાણે, આજ કાલ ચોથો અલેખ વખાણ

ત્રણ જુગ માંહે અવતાર સૌ જાણે, આજ કાલ ચોથો અલેખ વખાણ
જયારે દશમો અવતાર જાંબુદ્વિપમાં લીધો, જુગ ચોથે સ્વામી આવીયા

દશમે અવતાર સ્વામીનું નકલંકી નામ, મન કરો આરસી દેવો રે દશોદ
વખળી વેળાએ ના ડોલાવશો ચંત સ્થીર રહેશે સ્વામી રાજા મળશે બીજા પંથ

સ્વામી રાજા ચઢશે તેનો અગમ જોઇ, સતી માંહે સત રહેશે કોઇ
વખડી વેળાએ જયારે રોમ-રોમ તપે, ત્યારે માતા-પિતાથી પુત્ર રહેશે પર

જે કોઇ પંથે ચડી રે સતી કહેવાય, તેને શૈતાન બહું રે ચુકાવે
જયારે રાજ-પાત દાનવનું થાશે, ત્યારે દયા-ધરમ દિલમાં હોવે

તેણે રે દહાડે પાંડવ પરગટ થાશે, તે રાજપાટ સિંહાસને બેસે
એકાણું સમ્મસરને અષાઢ માસ, પશ્ચિમ થકી સ્વામી રાજા આવશે પ્રકાશ

બાણું રે સમ્મસરને શ્રાવણ માસ, પાંડવો આવશે જાંબુદ્વિપ મોઝાર
ત્રાણું સમ્મસરને ભાદરવો માસ, ઉજાડશે દુનિયાને સઘરો સંસાર

ચોરાણું સમ્મસરને આસો માસ, ત્યારે દૈત્ય કાળીગો થાશે અસવાર
પંચ્યાણું છમ્મસરને કારતક માસ, સ્વામી રાજા તોરંગ પલાંણસે પ્રકાશ

છન્નું રે છમ્મસરને માગસર માસ, અસત્ય કુળ થાશે પ્રકાશ
સત્તાણું છમ્મસરને પોષ માસ, આવશે હનુમાજી ને નાંખશે હાંક

અઠ્ઠાણું છમ્મસરને મહા માસ, પ્રયમ આવશે પ્રહલાદ ને હરિશચન્દ્ર
નવ્વાણું છમ્મસરને ફાગણ માસ, પાત્ર નકલંકી કરશે રે રાજ

તે રે દહાડે પશ્ચિમ થકી ઉગશે ભાણ, ત્યારે નવખંડ પૃથ્વીમાં હોશે રે જાણ
એમ કહે સુરજારાણી ગોર નરની કથા, આપણા સ્વમી રાજા પશ્ચિમ થકી આવશે પ્રકાશ

ચૌદ લોકો જેનું ધ્યાન ધરે, તે કેમ મારુ તારુ કરે, ઉત્તમ દુનિયાને સઘરો સંસાર
જે સ્વામી ને સેવે તે ઉતરે પાર
“સદ્ગોર ઇમામશાહે” અગમ ભાઇખા, ત્યારે રૂખેશર રહેશે કોઇ

૫૮. સરોવરની પાળ તુટી ને નીર ઉલતીયાં નહી બાંધણહાર

સરોવરની પાળ તુટી ને નીર ઉલતીયાં નહી બાંધણહાર
ઘટ માંહી નહી કોઇ વાળશે નહી ઘટનો ગોવાળ
જુગમાંહે કળીકાળ વ્યાપીયો વીરા ભાઇ કળજુગ આવ્યો

જ્ઞાન-ધ્યાન-વેદ વાચકે નહી કોઇ વાંચણહાર
પાનાં પુસ્તક સર્વે હારવા વસતો ગયો રે વિસ્તાર
જુગ માંહે કળીકાળ આવ્યો

જવ દયા ધરમ જે કોઇ પાળતા તે નાર નિશ્ચય થયા નિર્મળ
માતાએ મેલીયા બાળ સુતાં સબકો થયા છે પેટ સ્વાર્થી
જુગ માંહે કળીકાળ આવ્યો

હેત હેતાવર સર્વે તુટશે સગેપણ થાશે બંધવ વેવાઇ
નાનાં મોટાને માન નહી એવી વેળા રે વળતાઇ
જુગ માંહે કળીકાળ આવ્યો

ગોરનરનું ગત માનશે નહી પ્રજા રાજા નહી માને આણ
સારા કુળની નારી લજ્જા રે લોપશે ખાપણ લાગ્યા ઓતમ ચાર ખાણ
જુગ માંહે કળીકાળ આવ્યો

રાજા રાક્ષશ રૂપે આવતરીયા પ્રજા ચોર ધુતારી રે જાંણ
દહાડો-દહાડો ને લોપશે વરસે પડશે દુકાળ
જુગ માંહે કળીકાળ આવ્યો

રાજા રાખનહારો લુંટશે ધણી નહી કરે દિલમાં વિચાર
નદી-નાળા સર્વે સુકાશે ધોરી છાંડે પૃથ્વીનો ભાર
જુગ માંહે કળીકાળ આવ્યો

દૈત્યે દાવો માંડયો દેવતા કરે દિલ માંહે વિચાર
ધરમ છતાં પંથ મારગ રૂથીયા ઘટ-ઘટ થાશે દિલમાં વિચાર
જુગ માંહે કળીકાળ આવ્યો

દેવતા કળા માંહે ઓદરીયા દૈત્યે કીધી રે દુનિયા ઉજાડ
આંણભાંગી ને ગઢ લાવ્યા પછી શું રાખે ઘરની વાડ
જુગ માંહે કળીકાળ આવ્યો

ધરતી માંહે ધંધુકાર વ્યાપીયો થાશે હલ-હલકાર
નગર વસ્તી ઉજ્જડ થાશે ચૌદે થાશે ડંડકો ચાર
જુગ માંહે કળીકાળ આવ્યો

પુણ્યની પરબો કળા માંહે રે ઓસરી રસ-કશ ગયા ગગન મોજાર
રૈયત સંઘ સર્વે છુટશે સદાવ્રતા દયાવ્રતા લઇ પાળે ઝંઝાવત
જુગ માંહે કળીકાળ આવ્યો

સ્વાર્થે રે સબ આદરીયા, કુળ ગૌત્ર માંહે વસે ગાઇરા

સ્ત્રી બાળકને વિંધશે ત્યારે પડશે કેળનાં રે કાળ
જુગ માંહે કળીકાળ આવ્યો

દેવ બહું ધામે રે પડીયાપ છી એકના ઘેર ના જાય
અઢાર વણ ની નાંત માંહે એકાકાર રોજ થાય
જુગ માંહે કળીકાળ આવ્યો

વર વેવાસર નીતરાં કુળ ગૌત્ર માંડે પુછે એકજ વાર
માતા-પિતા ગોર લોપીયા ઘટ-ઘટ થાશે દિલમાં વિચાર
જુગ માંહે કળીકાળ આવ્યો

પુત્ર વધીયા પીતો થકી ગુરૂથી ચેલા વેગળા કહેવાય
શેઠાણી વાણોતર વધીયા નરથી નારી ભલેરી કહેવાય
જુગ માંહે કળીકાળ આવ્યો

અતીત અભીયાગતોની રે સેવનાં તેની સુંઘ નહી લેવાય
સંઘથી ચોર ઉતાવળા જુઠા મળી ઘર દિવાને રે જાય
જુગ માંહે કળીકાળ આવ્યો

અઢાર ભાર રે વનસ્પતી તે ડળ સમુરથી રે જાય
શ્રીફળ વૃક્ષ સર્વે સુખશે બાકી રહેશે તેને કોર ના રે ખાય
જુગ માંહે કળીકાળ આવ્યો

ખરા નાણા સર્વે ખરચીયા ખોટા કોઇના રે હાથમાં જાય
જપ અને તપ બેઉ હારવા નહી કોઇ ત્રિભોવન માંહે
જુગ માંહે કળીકાળ આવ્યો

રૂહે કમળ થકી રે લીયા સાથે નહી આવે દોહલીયો સંસાર
થામ-ઠેકાણા નહી કોઇ ગોર મુખી નહી કોઇનો રહેશે એતબાર
જુગ માંહે કળીકાળ આવ્યો

સતપંથ ધરમમાં સંઘ હતા જે કોઇ રે નર ને નાર
સતીઓ માંહે ન કોઇ પતિવ્રતા નર માંહે નહી કોઇ જાણે
જુગ માંહે કળીકાળ આવ્યો

નહી રે કોઇ છડી રાતનો નહી કોઇ પરદુઃખ ભંજનહાર
નહી કોઇ નરઆવે વધ્યા નહી કોઇ ઘેર રે લજ્જા
જુગ માંહે કળીકાળ આવ્યો
ગુપ્ત પરગટ નહી કોઇ જાગતા નહી કોઇ દેવળ દેરાં માં સાચ
નહી કોઇ સાચી કરામત દાખવે નહી કોઇ પાળે રે વાચા
જુગ માંહે કળીકાળ આવ્યો

આઠ પહોર દિન રાતનાં નિંદ્રાએ પડયો સંસાર
જે કોઇ ધરમનાં રંગ-પંથ જાણતા તે દેખીને ભુલ્યો રે ગમાર
જુગ માંહે કળીકાળ આવ્યો

જાણી જોઇને રે ફળ હારવા તે શું પામીયા સાહેબનાં દિદાર
સતીયા લોકો સતપંથ સેવજો મુનિવર થાઓ હોંશિયાર
જુગ માંહે કળીકાળ આવ્યો

"*ગોર ઇમામશાહ*" જ્ઞાન બોલ્યા સાંભળો રે મુનિવર જ્ઞાન
ભગતે ભાવે રે કરી વિનતી પારખો આ કળજુગનાં એંધાણ
જુગ માંહે કળીકાળ આવ્યો

૫૯. નકલંકી નાથને નીત ભજો રે

નકલંકી નાથને નીત ભજો રે. . . . . નકલંકી નાથને નીત ભજો રે

(૧). પરથમ રૂપે શ્રી હરિ રે. . . . . (૨)એવો ધરીયો "મચ્છા" અવતાર મારા વ્હાલા
શંખા તે સુરને મારીયો રે . . . (૨)
વાળ્યા બ્રહ્માજીનાં વેદ મારા વ્હાલા. . . નકલંકી નાથને નીત ભજો રે

(૨). બીજે તે રૂપે શ્રી હરિ રે. . . . . (૨)એવો ધરીયો "કચ્છા" અવતાર મારા વ્હાલા
કચ્છે તે સાગર ધોરીયો રે . . . (૨)
એવા કાઢયાં ચૌદ રતન મારા વ્હાલા. . . નકલંકી નાથને નીત ભજો રે

(૩). ત્રીજે તે રૂપે શ્રી હરિ રે. . . . . (૨)એવો ધરીયો "વરાહ" અવતાર મારા વ્હાલા
પૃથ્વીને દાઢમાં લાવીયા રે . . . (૨)

(૪). ચોથા તે રૂપે શ્રી હરિ રે. . . . . (૨)એવો ધરીયો "નરસિંહ" અવતાર મારા વ્હાલા
હિરણ્યા તે કંસને મારીયો રે . . . (૨)
એવો ઉગારીયો ભકત પ્રહલાદ મારા વ્હાલા. . . નકલંકી નાથને નીત ભજો રે

(૫). પાંચમે તે રૂપે શ્રી હરિ રે. . . . . (૨)એવો ધરીયો "વામન" અવતાર મારા વ્હાલા
બલીને પાતાળે ચાંપીયો રે. . . (૨)
એવા આપ બન્યા છડીદાર મારા વ્હાલા. . . નકલંકી નાથને નીત ભજો રે

(૬). છઠ્ઠે તે રૂપે શ્રી હરિ રે. . . . . (૨)એવો ધરીયો "પરસુરામ" અવતાર મારા વ્હાલા
પરસુરામે ફરસી ફેરવી રે. . . (૨)એવા સહસ્ત્રાર્જુનનાં કાપ્યા હાથ મારા વ્હાલા. . .
નકલંકી નાથને નીત ભજો રે

(૭). સાતમે તે રૂપે શ્રી હરિ રે. . . . . (૨)એવો ધરીયો "શ્રીરામ" અવતાર મારા વ્હાલા
રામે તે રાવણ મારીયો રે. . . (૨)
એવા વિભીષણને સોંપ્યા રાજ મારા વ્હાલા. . . નકલંકી નાથને નીત ભજો રે

(૮). આઠમે તે રૂપે શ્રી હરિ રે. . . . . (૨)એવો ધરીયો "શ્રીકૃષ્ણ" અવતાર મારા વ્હાલા
મામા તે કંસને મારીયો રે. . . (૨)
એવો ઉતારીયો ભુમિ કેરો ભાર મારા વ્હાલા. . . નકલંકી નાથને નીત ભજો રે

(૯). નવમે તે રૂપે શ્રી હરિ રે. . . . . (૨)એવો ધરીયો બુદ્ધા અવતાર મારા વ્હાલા
ધ્યાન ધરીને વ્હાલા બેસીયા રે. . . (૨)
એવી જુએ જગતની રીત મારા વ્હાલા. . . નકલંકી નાથને નીત ભજો રે

(૧૦). દશમે તે રૂપે શ્રી હરિ રે. . . . . (૨)એવો ધરશો "નકલંકી" અવતાર મારા વ્હાલા
દૈત્ય કાળીગાને મારશો રે. . . (૨)
એવા કમળા કુંવરની વ્હારે મારા વ્હાલા. . . નકલંકી નાથને નીત ભજો રે
જુગ છે ચાર નથી પાંચમો રે. . . (૨)
એવો નથી અગીયારમો અવતાર મારા વ્હાલા
વરતાશે જય જયકાર મારા વ્હાલા . . . . .

૬૦. પ્રથમ ગોર નરને સેવીએ જેથી પાપ જ હોવે દુર

પ્રથમ ગોર નરને સેવીએ જેથી પાપ જ હોવે દુર
લખ ચોરાસી ફેરો તો ટળે જો ભેટે સદગોર નુર

ભાઇ એ નુર સદગોર જયારે ઉપજીયા ત્યારે હતો નિલ ઘંઘુકાર
આ પ્રજાને પહેલી પેદા કરી ગોર બ્રહ્માજીનો અવતાર

ભાઇ વંશ બ્રહ્માજીની સેવાએ ને વિલંબ ના કીજે લગાર
આ સિત્તેર સહસ્ત્ર કુળ કાયમજીનો પરિવાર

તે ગોરનું રૂપ પિછાણો મુનિવરો ને કેમ કરો છો વાર
પાવન દેશનાં સ્વામી રાજા આવશે આજ કલિમાં દશમો અવતાર

ભાર ચેતનહારા તે ચેતજો અને દેખાતાંમાં દિન જાય
આ કળજુગ સંગે જે જીવ ભુલીયા નિશ્ચય દોજખે જાય

ભાઇ સકળ ઉપનો શું કરે જો શીર બંધનો હોય
સદગોર બ્રહ્માજીનો બેટડો ઘેર ઘેર વગોવતો જાય

ભાઇ જે સતપંથ લીયા ભાવશું ગોર પર ઇમાન નવ લાયા
પણ જેનાં કર્મમાં નરક લખીયા તે કેમ કરી વૈકુંઠ જાય

ભાઇ આ જુગમાં જેટલા માનવી અને તેટલા વેરી થાય
પણ જેનાં કર્મમાં વૈકુંઠ લખીયા તે કેમ કરી નરક જાય

ભાઇ નિશ-દીન જપીને સાચશું દિલમાં રાખજો સ્વામી આશ
ભણે *"ગોર ઇમામશાહ"* સાંભળો મુનિવરો તમને હરદમ સાહેબ પાસ

૬૧. જીરે ભાઇ રે સતગોર ભેટીયા તેને ચાંદરણા હુઆ

જીરે ભાઇ રે સતગોર ભેટીયા તેને ચાંદરણા હુઆ
તો ગોર આપણને ધરમ દેખાડીયા

જીરે ભાઇ રે ગોર ઇશ્વર આગળ ગોરખ કરી સાધ્યા
તો પણ ગોર વગર કોઇ નહી તમો

જીરે ભાઇ રે પાંચ રતનસર બેલી કહીએ
તો ગોર વિનાં મુકિત ના લીજીએ

જીરે ભાઇ રે આગળ પીર સમ્મસરની સાચી કરી માનો
અહી આણે ગોર બ્રહ્માજી આવીયા

જીરે ભાઇ રે આલ થકી જે કોઇ મકરે પડીયા
તેના ગયા રૂણ ને જનમ હવાયા

જીરે ભાઇ રે પહેલા યુગમાં દેવ પંદર કરોડી
તે નરસિંહ રૂપે ધાયા

જીરે ભાઇ રે દશ કરોડી તેમાં આવે ભુલીયા
ગોર બ્રહ્માજીનાં વાચક ના માનીયા

જીરે ભાઇ રે તેમાં પાંચ કરોડીના સ્વર્ગે દ્વારા
જે ઋગવેદનાં વચને ચાલીયા

જીરે ભાઇ રે પાંચ કરોડીનાં પ્રહલાદ રાજા
જેણે હોળીમાં આપ સીચાયા

જીરે ભાઇ રે બીજા ત્રેતાયુગમાં દેવ એકવીસ કરોડી
તેઓ શ્રીરામનાં નામે ધાયા

જીરે ભાઇ રે ચૌદ કરોડીનાં તેમાં આવે મોરાર
જેણે ગોર પ્રજેષ્ઠર નાં વાચકા ન માનીયા

જીરે ભાઇ રે તેમાં સાત કરોડીનાં સ્વર્ગે દ્વારા
જે યજુર્વેદનાં વાચકે ચાલીયા

જીરે ભાઇ રે સાત કરોડીનાં હરિશચન્દ્ર રાજા
તો કાશીખંડે આપ વેચાયા

Link: http://www.realpatidar.com/library
email: mail@realpatidar.com

જીરે ભાઇ રે ત્રીજા દ્વાપરયુગમાં દેવ સત્તવીસ કરોડી
તે જીવ શ્રીકૃષ્ણનાં નામે ઘાયા

જીરે ભાઇ રે અઢાર કરોડી તેમાં આવે મોરાર
તો ગોર વિદુર વ્યાસનાં વાયકના માનીયા

જીરે ભાઇ રે નવ કરોડીનાં સ્વર્ગે દ્વારા
તે સામવેદનાં વાયકે ચાલીયા

જીરે ભાઇ રે આજ કળયુગમાં દેવ છત્રીસ કરોડી
તે નર અસ્લામ શાહનાં નામે ઘાયા

જીરે ભાઇ રે ચોવીસ કરોડી જીવ તેમાં આપે પરમોરીયા
જેણે ગોર સહદેવ નાં વાયકા ના માનીયા

જીરે ભાઇ રે બાર કરોડીનાં સ્ચર્ગે દ્વારા
તે અથર્વવેદનાં વસને ચેલીયા

જીરે ભાઇ રે બાર કરોડીનાં ગોર સહદેવ
તે દરિયા પાર ઉતરીયા

જીરે ભાઇ રે ફલંતર વેળાનાં દેવ અનંત કરોડી
તે ધણી નકલંકી તારણે આવીયા

૬૨. મુનિવર મહાદન આવશે ત્યારે સાહેબ લેશે રે હિસાબ

મુનિવર મહાદન આવશે ત્યારે સાહેબ લેશે રે હિસાબ
કીધાં કરતુત પુછશે અને તોળાશે પાપ ને પુંણ્ય
પુંણ્ય પાપ તોળાશે અને લેખું લેશે સાહેબ ત્યાંય
સતગોરની સાથે સીધા ચાલશે ત્યાં પકડે આપણી રે બાંય
ત્યાં બાંય પકડશે ત્યાં આવે વૈકુંઠ વાસ
ઇકોતેરસો આગળ તરી ગયા અને જઇશું સાહેની પાસ
ભાઇ વૈકુંઠમાં એક વૃક્ષ છે તેની સઘરી અમરાપોર છાયા છાંઇ
તેનું નામ કલ્પવૃક્ષ છે તમે સાંભળો મુીનવર ભાઇ
ત્યાં સવા મણનો હાર ભોગવે ત્યાં હા હોય પણ ના ન હોય
ત્યાં સુતા બેઠા કોઇ નહી ત્યાં જકર કરે સબ કોઇ
ભાઇ સોનાની ઘર ચણાવશે અને માંહી ચણાવશે કસ્તુરી નગર
ત્યાં અપવા ઘર ભરેલા આવશે એનાં રૂપ તણો નહી પાર
ભાઇ માણેક ને દડે રે કુંવર ખેલશે અને સોનાની ગેડી રે જે હાથ
ભાઇ પાંચસો કુંવર ખેલાવશે એવા છે વૈકુંઠ નાથ
ભાઇ ભાવે રે કરે એ લખપતિ અને સૌએ એક સુરે જાણ
જે કોઇ આ સતપંથ પાળશે તો ત્યાં પામશે એ લગાર
ગુનેગારને ત્યાં મારશે અને પકડી ઉઠશે સોળ
તેનાં હાથ-પગમાં બેડી હોશે જાણે ઉભા છે રે ચોર
ભાઇ ઝાંખા, મેઘા, દેખશે અને દેખશે પાંચ, સાત, નવ, બાર
અનંત કરોડી દેવ ત્યાં દેખે ત્યાં કોઇ પુરે નહી સાખ
ભણે *"ગોર ઇમામશાહ"* સુણો મુનિવરો ત્યાં એક સતગોર પુરે રે સાખ
એવા સતી લોકો સતપંથ સેવજો જકર કરો દિવસ ને રાત

૬૩. નર હરિ નામ તો નારાયણનું લીજીએ

નર હરિ નામ તો નારાયણનું લીજીએ
ગોરે આપણને નામ ભણાવ્યા. . . . . અભી તૈયા તમે

નિર્મળ ને ગોર મુખ ધાયા
તો ગઢ અમરાપોરથી સંચરો રે. . . . . અભી તૈયા તમે

આઠ લાખ કરણ આગળ અવીચળ ભણે
તો ગોર આપણે ભણવા કહીયા. . . . . અભી તૈયા તમે

કિરતાર મુખી છે અલખ નિરંજન
સતપંથ મુખી જુગે જુગે આવીયા. . . . . અભી તૈયા તમે

અડસથ તીરથ આજ સુતા હો જાણીએ
તે તો સુંન-મુન પડી રહ્યા. . . . . અભી તૈયા તમે

આવા અમરભેદ ગોર વાયકે શોધીયા
તમે સુણો મારા મુનિવર ભાઇ રે. . . . . અભી તૈયા તમે

નર ગુજવાણી કહે ગોર બ્રહ્માજી
તમે સેવો ધણી ઇમામશાહ નામ રે. . . . . અભી તૈયા તમે

જ્ઞાન અમીરસ ભણે *"ગોર ઇમામશાહ"*
તમે સુણો મારા મુનિવર ભાઇ રે. . . . . અભી તૈયા તમે

૬૪. જીરે ભાઇ રે સ્વામી રાજા આવે મુનિર અનંત વધાવો

જીરે ભાઇ રે સ્વામી રાજા આવે મુનિર અનંત વધાવો
વીરા ચૌદશી ચાંદરણા હુઆ . . .

જીરે ભાઇ રે અઢાર મુલસ્થાને તીરથ સ્વામીએ રચાવીયા
તો ધરમ શું સુતા તમે નિંદ્રા . . .

જીરે ભાઇ રે નમીને નમીને હસી હસી મનાવો
તો વીરા કાળ, ક્રોધ, અહંકાર ત્યજવા . . .

જીરે ભાઇ રે કાચી માટીની કાયાનો ગર્વ ના કીજીએ
કે વીરા વસ્તી નગરીમાં ચોર જો પેંઠો . . .

જીરે ભાઇ રે પહેલા ભીડાયા તારા દશે દરવાજા
હો વીરાપ છી ભીડાયા કાયા કોટ . . .

જીરે ભાઇ રે ભીડાયા નગરીમાં
હો વીરા કણ હીણા ખેતર જ હુઆ . . .

જીરે ભાઇ રે સગાં રે કુટુંબ તારા ભરી પુરી બેઠા
હો વીરા હંસ જીવ ને ચાલતા નજરે દીઠા . . .

જીરે ભાઇ રે હાડકડાં તારા પવને ઝુલાશે
હો વીરા ઉપર વરસે ઝીણા મેહ . . .

જીરે ભાઇ રે દુનિયામાં જઇને તું શું વ્હોરી લાવીયો
હો વીરા તારી કાનડી એ સુણી સુણી આવીયો . . .

જીરે ભાઇ રે જ્ઞાન અમીરસ ભણે *“ગોર સતગોર”*
હો વીરા બોલ્યા છે અમૃતવાણી . . .

૬૫. અણસલ ગત દલભર સુમન તારે રેણ શાનું વિચારી

અણસલ ગત દલભર સુમન તારે રેણ શાનું વિચારી

ધીરા રહીને સતપંથ સેવીએ
તો ધારવા મન વારો. . . . . જીરે ભાઇ રૂખેશર

એક મન થઇને સતગોરને આરાધો
તો બહાર બાજી કુડી રે. . . . . જીરે ભાઇ રૂખેશર

કુડી રે બાજી છે મુકિત ના લીજીએ
તો આગળ ધરમ તરાશે તોલાશે. . . . . જીરે ભાઇ રૂખેશર

જેણે રંગ રાઇચા તે શાહોજીસુ
રાતા તમે અવ્વલ રંગાવો. . . . . જીરે ભાઇ રૂખેશર

જે રંગે રાઇચા રાજા પ્રહલાદે સાધ્યા
તો હોળીમાં સાથે સીચાયા રે. . . . . જીરે ભાઇ રૂખેશર

એરે રંગે હરિશચન્દ્ર સાધ્યા
તો કાશીખંડે આપે વેચાયા રે. . . . . જીરે ભાઇ રૂખેશર

એરે રંગે પાંચ પાંડવ કસીયા
જેણે હીમાડે હાડ ગલાવીયા રે. . . . . જીરે ભાઇ રૂખેશર

એરે રંગે રાઇચા પીર સહદેવ
સીધા દરિયાને પાર ઉતારીયા રે. . . . . જીરે ભાઇ રૂખેશર

સાચી રે સુક્રીતે સંગાથે રે લેણાં
તો આવો દોહચલો આ સંસાર. . . . . જીરે ભાઇ રૂખેશર

અમી ને અમીરસ ભણે *"ગોર ઇમામશાહ"*
આપણાં સ્વામી રાજા સાચા પતિ. . . . . જીરે ભાઇ રૂખેશર

૬૬.પાલણ દે નું ધોળ

ફરતા રે ફરતા પ્રભુ પાટણે આવીયા
ત્યાં પરાક્રમ કીધાં છે પુરા રે. . . . . પરિબ્રહ્મ વરને પુંજો

ત્યાં ધર્મ આપીને પ્રભુ પોતે પધાર્યા
ત્યાં ધોરા નગરીમાં ધ્યાન ધરીયા. . . . . પરિબ્રહ્મ વરને પુંજો

વનમાં જઇને હરિએ રમત કીધી
ત્યાં વાઘ વરૂ વનમાં આવે રે. . . . . પરિબ્રહ્મ વરને પુંજો

ત્યારે શકલગઢ પોરથી પારધી પધાર્યો
તે આવે વન મોજાર રે. . . . . પરિબ્રહ્મ વરને પુંજો

તે શિકાર શોધે ને હરણાં હાથ ન આવે
તેને કઇંક કારણ દીશે રે. . . . . પરિબ્રહ્મ વરને પુંજો

ત્યાં મોહને મનમાં વાત વિસારી
તો એમાં છે પરાક્રમ પુરા રે. . . . . પરિબ્રહ્મ વરને પુંજો

ત્યારે સદ્ગોરે પારધીને બોલાવીયો
તમો કાહેને કયા કારણે આવીયા રે. . . . . પરિબ્રહ્મ વરને પુંજો

રાણી પાલણ દે ને વ્રત છે મોટા
તે હરણાં રાંધે ને હાથે ચાખે રે. . . . . પરિબ્રહ્મ વરને પુંજો

ત્યારે સદ્ગોરે સાવજ બોલાવીયા
તમે શેર શાક જ સાવજ લાવો ને. . . . . પરિબ્રહ્મ વરને પુંજો

ત્યારે સાવજ ને તે કેવી શાન જ થઇ છે
તમે મારા લો ને મોરારી રે. . . . . પરિબ્રહ્મ વરને પુંજો

સાવજે જાંગ વાઢીને આપ્યા ઉમંગે
તે સાવજ તો સરનો ભીનો રે. . . . . પરિબ્રહ્મ વરને પુંજો

માંશ જ લઇને ત્યાંથી પારધી સીધાવીયો
તે આવે છે શકલગઢને પોર રે. . . . . પરિબ્રહ્મ વરને પુંજો

ત્યારે પોર રહીને પારધી પોકારે
તમે માંસ લો ને બાઇ આજ રે. . . . . પરિબ્રહ્મ વરને પુંજો

ત્યારે રાણી પાલણ દે એ દાસી બોલાવી
ત્યારે દાસી માંસ લઇને આવી રે. . . . . પરિબ્રહ્મ વરને પુંજો

રાણી રે પાલણ દે એ માંસ જ લીધું
તે હરણા રાંધે ને હાથે ચાખે રે. . . . . પરિબ્રહ્મ વરને પુંજો

રાણી પાલણ દે એ માંસ જ ચાખ્યું
ત્યારે ચાખતાં નવનેજા સુજે રે. . . . . પરિબ્રહ્મ વરને પુંજો

ત્યારે પુત્રી પિતને કહે છે પોકારી
હવે વિવાહ પરણાવો રે. . . . . પરિબ્રહ્મ વરને પુંજો

એ પુરૂષ અમારો હું નારી છું એની
એ નવશા અમારા આવે રે. . . . . પરિબ્રહ્મ વરને પુંજો

ત્યાં રાજા સુરચંદ સામા બોલ્યા
એ કોણ રે દેશનાં ભુપ ભાઇ રે. . . . . પરિબ્રહ્મ વરને પુંજો

તમે જાત ને નાત પિતા કંઇ નવ પુછો
એ મલેચ્છ રૂપે છે મોરારી રે. . . . . પરિબ્રહ્મ વરને પુંજો

રાજા સરુચંદે મનમાં વાત વિસારી
ખાત્રીનાં પારખા મારે જોઇએ રે. . . . . પરિબ્રહ્મ વરને પુંજો

આગળ રામ કૃષ્ણ જેવી લીલા રે કીધી
તેવી લીલા અમારે જોઇએ રે. . . . . પરિબ્રહ્મ વરને પુંજો

રાજા સુરચંદનાં પ્રભુએ કોડ જ પુરીયા
ત્યાં કુદરતી જાન પેદા કીધી રે. . . . . પરિબ્રહ્મ વરને પુંજો

ત્યાં નૂર સદ્ગોર નવશા થયા છે
તે ઉગલી ને ગણદેવી આવીયા રે. . . . . પરિબ્રહ્મ વરને પુંજો

તો કંકોત્રી કોળે કાગળે લખાવી
તમે નાના મોટા જાને આવો રે. . . . . પરિબ્રહ્મ વરને પુંજો

તમે ધાણ ભરાવો ઉમેદ કેરાં
ત્યાં વગે વળીઓ મેલાવો રે. . . . . પરિબ્રહ્મ વરને પુંજો

તમે ઘંટા ગાજે ને ગણેશ વધાવો
ત્યાં તો પાટે પૈસા જોઇએ રે. . . . . પરિબ્રહ્મ વરને પુંજો

તમે ગોરમટી લાવો રે હો ગુણવંતા કેરી
તો ચોળીઓ રોપાવો ચોક વચ્ચે રે. . . . . પરિબ્રહ્મ વરને પુંજો

તમે ગુજરા મેલાવો ગુજ્જર ખંડમાં
અને ચોળીઓ ચીતરાવો ચોક વચ્ચે રે. . . . . પરિબ્રહ્મ વરને પુંજો

ત્યાં વેવા તે મોટા ને વરઘ ભરી છે
તો શ્રીફળનાં તોરણ બંઘાવો રે. . . . . પરિબ્રહ્મ વરને પુંજો

ત્યાં મોસાળુ લાવે મામા મોરારી
ત્યાં સૈન્ય સઘળા સાથે આવે રે. . . . . પરિબ્રહ્મ વરને પુંજો

ત્યાં પ્રહલાદ પાંચે ને હરિસચન્દ્ર આવે
અને પાંડવ છે પેલે પલાણે રે. . . . . પરિબ્રહ્મ વરને પુંજો

એ બાર કરોડીમાં સદગોર દેવ
ત્યાં અનંત સાથે હોશે રે. . . . . પરિબ્રહ્મ વરને પુંજો

ત્યાં નગારા વગાડે ફણીઘર
તો નોબત છેલવીયા ગાય રે. . . . . પરિબ્રહ્મ વરને પુંજો

ઢોલ વાગે ને દડામણ ઘરેણાં
ત્યાં સતની શરણાંઇઓ વાગે રે. . . . . પરિબ્રહ્મ વરને પુંજો

એરે માંડવે ચાર મંગળ વરઇતા
અને તેડોવો સતીઓ ચાર રે. . . . . પરિબ્રહ્મ વરને પુંજો

ત્યાં સીતા, કુંતા, તને સતી દ્રૌપદી
અને ચોથી હરિશચન્દ્રની નાર રે. . . . . પરિબ્રહ્મ વરને પુંજો

રાણી પાલણ દે ને હરખ ઘણો
તેને હરખે છે હૈયા નાં હેત રે. . . . . પરિબ્રહ્મ વરને પુંજો

માણેક મોતીનાં થાળ ભરીને
તો વઘાવો સતીઓ ચાર રે. . . . . પરિબ્રહ્મ વરને પુંજો

ત્યાં નુર સદ્ગોર નવશા થયા રે
તે ઉગલી ને નવસારી આવીયા રે. . . . . પરિબ્રહ્મ વરને પુંજો

જયારે તોરણ આવીયા સર્વે સંભાળી
ત્યારે સાસુજી પોંખવાને આવી રે. . . . . પરિબ્રહ્મ વરને પુંજો

જયારે વર-કન્યા બેઇ માંડવે બેઠા
ત્યાં અંતર-પટો ઉભા કીધા રે. . . . . પરિબ્રહ્મ વરને પુંજો

ત્યાં હવે થાળ દેવ જ બેઠા રે
ત્યાં બ્રાહ્મણ ભણે છે વેદ રે. . . . . પરિબ્રહ્મ વરને પુંજો

એ વર કન્યા બેઉ પુરા પરણીયા
ત્યારે થયો છે જય જયકાર રે. . . . . પરિબ્રહ્મ વરને પુંજો

એ વર કન્યા બેઉ હેતે પરણીયા
ત્યાં અનંત આવે છે જાન રે. . . . . પરિબ્રહ્મ વરને પુંજો

પહેલી પાળે રે ત્યાં વરતાની વેળ
ત્યાં લવંગ સોપારી છે પુરા રે. . . . . પરિબ્રહ્મ વરને પુંજો

ત્યાં પુત્રી કહે છે પિતાને પોકારી
તમે હરખે હરખે ખરચો રે. . . . . પરિબ્રહ્મ વરને પુંજો

પરણી પરસોત્તમ પાટે જો બેઠા
ત્યારે થયો છે જય જયકાર રે. . . . . પરિબ્રહ્મ વરને પુંજો

એ ધન્ય ધન્ય રે પિતા અમારા
જે હરિ વર તમે જો નિરખ્યા રે. . . . . પરિબ્રહ્મ વરને પુંજો

એ નર નારી બેઉ પુરા પરણીયા
તો એકોતેરસો પરિયા તાળીયા રે. . . . . પરિબ્રહ્મ વરને પુંજો

પાય પકડીને રાજા સુરચંદ બોલીયા
હવે દયા અમારી પર કરજો રે. . . . . પરિબ્રહ્મ વરને પુંજો

એ ધન્ય ધન્ય રે પિતા આજ તમારા
કે શકલગઢનાં સાધ્યા કાજ રે. . . . . પરિબ્રહ્મ વરને પુંજો

તમે વ્રત કરજો ને એકઠાં મળજો
અને પાપ તમારાં ટળજો રે. . . . . પરિબ્રહ્મ વરને પુંજો

જનમો-જનમનાં દુઃખડાં ટળીયા
એ હરિવરને જયારે વધાવ્યા રે. . . . . પરિબ્રહ્મ વરને પુંજો

પ્રિત રાખીને જયારે પ્રભુજી પરણીયા
ત્યાં પરણીયા છે દેવ મોરારી રે. . . . . પરિબ્રહ્મ વરને પુંજો

એવું જાણીને પ્રભુજીએ કારજ કર્યો
એવા શુધ્ધ-બુધ્ધનાં દાતાર રે. . . . . પરિબ્રહ્મ વરને પુંજો

ત્યારે પાયે પડીને જયારે સુરચંદ વધ્યા
આજ શુકન ઘરેણા થાય રે. . . . . પરિબ્રહ્મ વરને પુંજો

ધન્ય ધન્ય ભાગ્ય આ રે ભુમિનાં
ત્યાં હરિ વર જાતે પધારીયા રે. . . . . પરિબ્રહ્મ વરને પુંજો

રાજા સુરચંદ નાં કારજ સાર્યા
ત્યારે સતનાં સમરણ કીધાં રે. . . . . પરિબ્રહ્મ વરને પુંજો

સતની સમશેર રાજા સુરચંદે લીધી
તે પરમે પાછી ન કીધી રે. . . . . પરિબ્રહ્મ વરને પુંજો

એ ઘોળ *"સદ્‌ગુરૂ બ્રહ્માજી"* બોલ્યા
ત્યાં કીધાં છે જય જયકાર રે. . . . . પરિબ્રહ્મ વરને પુંજો

૬૭. હરિશચન્દ્ર તારમતીનું ધોળ

રાજા રાણી શું ઓ અરજ કરે અને હરિશચન્દ્ર પુછે છે વાત રે . . .
આજ નો દહાડો રે રાણી અણમનો અને કહો કહો મનનો ઉચ્ચાર . . .
મસ્તક દુઃખે રે રાજા માયસરૂ અને કંથે ના શોભે રતન હાર રે . . .
વાયક ને માંગુ મારા નાથજી અને જાવું જાવું દેવને દ્વાર રે . . .
સેજે ને સુતા રાજા નિંદ્રા ધરે અને તારા રાણી ચાંપે છે પાય રે . . .
ત્યાંથી રે તારા દે રાણી સંચર્યા અને જઇ રહ્યાં ઓરડી મોજાર રે . . .
શોળ ને શણગાર રાણીએ ઉતારીયા અને લીધો લીધો પુરૂષનો વેશ રે . . .
ત્યાંથી તારા દે રાણી સંચર્યા અને જઇ રહ્યાં ઘોડાની કોઢાણ રે . . .
છોડીયો છોડીયો તેજી ઘોડો હંસલો અને જઇ રહ્યાં દરવાજા મોજાર રે . . .
આરાધ્ય કરીને સતી ઉભા રહ્યાં અને મહેરબાની કરો મારા નાથજી . . .
અમે રે પરદેશી પંથ માંગુ અને અમને ના શોચ એવડી વાર રે . . .
ઓ દરવાન ભાઇ દરવાજા ખોલો અને જાવું જાવું દેવને દ્વાર રે . . .
દીધેલાં તાળાં નહી ઉઘડે અને કુંચી ગઇ રાજાને દ્વાર રે . . .
આરાધ્ય કરીને સતી ઉભા રહ્યાં સ્વામી મારા દિન દયાળ રે . . .
આ વેળાની તમે કરજો સંભાળ રે ભાંગણ ભાંગી લોઢા તણી . . .
ત્યાંથી તારા દે રાણી સંચર્યા અને જઇ રહ્યાં જમનાજી મોજાર રે . . .
આરાધ્ય કરીને સતી ઉભા રહ્યાં તમે સ્વામી મારા દિન દયાળ રે . . .
આ વેળાની તમે કરજો સંભાળ રે અને જમનાજીએ દીધો સતીને શેરડો રે . . .
ત્યાંથી તારા દે રાણી સંચર્યા અને કઇ રહ્યા દેવને દ્વાર રે . . .
આવો ને બેસો બાઇ બેનડી અને આવડી મોડી કાં લાગી વાર રે . . .
સેજે ને સુતા રાજા જાગી ગયાં અને નથી મારી દેહલડીનું દ્વાર રે . . .
આશિષ કરીને વીરા ઉભા થયા અને કળશ-પાટ સ્થાઇપો તેણી વાર રે . . .
વેઇધો વેઇધો તેજી ઘોડો હંસલો અને વહેંચીયો વહેંચીયો આંબલીયો પ્રસાદ રે . . .
અમીર છાંટીને ઘોડો બેઠો કીધો અને કીધો કીધો દેવને પ્રતાપ રે . . .
ત્યાંથી તારા દે રાણી સંચર્યા અને છોડીયો છોડીયો તેજી ઘોડો હંસલો . . .
વીરા મારા ગઇ પગની પનાઇ રે આશિષ કરીને ફરી ઉભા રહ્યાં . . .
અને પગની પનાઇ હાજરા હાજુર રે . . .
ત્યાંથી તારા દે રાણી સંચર્યા અને વીર લોચન ઓળાવવાને જાય રે . . .
તમે પાછા ને વળો વીરા મારા તમને હોજો અમરાપોરનો વાસ રે . . .
ત્યાંથી તારા દે રાણી સંચર્યા અને બતાવી રહ્યાં જમનાજી મોજાર રે . . .
ત્યાં તો જમનાજી જાય ભરપુર રે . . .
અરાધ્ય કરીને સતી ઉભા રહ્યાં તમે સ્વામી મારા દિન દયાળ રે . . .
જમનાજીએ દીધો સતીને શેરડો આપો આપ ઉતરી ગયાં પાર રે . . .
ત્યાંથી તાર દે રાણી સંચર્યા અને જઇ રહ્યાં દરવાજા મોજાર રે
ત્યાં આરાધ્ય કરીને સતી ઉભા રહ્યાં તમે સ્વામી મારા દિન દયાળ રે
તમે એ વેળાની કરજો સંભાળ રે અને આપો આપ ઉઘડી ગયાં કમાડ રે . . .
અમીર છાંટીને દરવાન બેઠા કીધાં અને કીધાં છે દેવને પ્રતાપ રે . . .
ત્યાંથી તારા દે રાણી સંચર્યા અને જઇ રહ્યાં ઘોડાની કોઢાણ રે . . .
બાંધ્યો રે બાંધ્યો રે તેજી ઘોડો હંસલોઅને ઉતરીયા ચીતરયા પલાંણ રે . . .
ત્યાંથી તારા દે રાણી સંચર્યા રે અને આવી રહ્યાં ઓરડી મોજાર રે . . .

સોળ રે શણગાર બાઇએ ઉતારીયા અને ઉતારીયો પુરૂષ કેરો વેશ રે . . .
ત્યાંથી તારા દે રાણી સંચર્યા આવી રહ્યાં માળને મોજાર રે . . .
રતન દીપે રાણીએ અજવાળુ કીધું અને જઇ રહ્યાં સેજલડીની પાસ રે . . .
સેજે ને સુતાં રાજા નિંદ્રા ઘરે અને તારા દે રાણી ઢોળે છે વાયરો . . .
આળસ છોડી રાજા બેઠા થયાં અને રાણી મુંજને એક સપનું રે લાઇગું . . .
અમી ને રે જાણ્યું રાણી પીયાર ગયાં અને ગયાં તે પિતાને દરબાર રે . . .
ત્યાં ગઇ છે તમારી પગની પનાઇ રે આરાધ્ય કરીને પનાઇ પરગટ લાવ્યાં . . .
વેધ્યો વેધ્યો તેજી ઘોડો હંસલો અને વહેંચીયો આંબલીયો પ્રસાદ રે . . .
ઘેલા ને રાજા ઘેલા વાચલા અને સપનું તરથ આલને પાર રે . . .
ખડગ કાઢીને રાજા ઉભા થયાં અને રાણી રાણી મુંજને ઢાળ દેખાડ રે . . .
નાના ને કરૂં રાઇ-રાઇ જેવડા અને મોટને કરૂં મારા પરમાણ . . .
રીશ કરીને રાજા રાતડા થયા અને થર-થર કંપે રાણીનું શરીર રે . . .
ત્યાંથી તારા દે રાણી અને જઇ રહ્યાં ઓરડી મોજાર રે . . .
આશિષ કરીને બાઇ ઉભા રહ્યાં તમે સ્વામી મારા દિન દયાળ રે . . .
આગળ અનંત ભકતોને તમે તાળીયા અને મોટા મોટા કીધાં છે કામ રે . . .
અને કીધાં કીધાં દેવને પરતાપ રે ત્યારે થાળ ફાટીને થઇ છે છાબડી . . .
અને દોરી થઇ છે નાગર વેલનાં પાન રે માંસ થયું છે બીજોરીનાં ફુલ રે . . .
અને હાર થયો છે ડોલરીયાનાં ફુલ રે થાળ લઇને હાજર થયાં . . .
અને નિપજયાં તે દેવને પરતાપ રે . . .
રાજાજી અમે ગયા હતા આપણાં બાગમાં અને લાવ્યા લાવ્યા બીજોરાનાં ફુલ રે . . .
અને લાવ્યા લાવ્યા ડોલરીયાનાં ફુલ રે . . .
ખડગ મુકીને રાજા ઉભા રહ્યાં અને રાણી મુજને પંથ દેખડાવો રે . . .
ઘેલા ને રાજા ઘેલા શું થાઓ અને એ પંથ તો ખાંડા કેરી ઘાર રે . . .
એ પંથ તો માંગે તેજી ઘોડો હંસલો ઉપર માંગે કુંવર રોહિતદાસ રે . . .
એ પંથ તો માંગે કાયા રે કેરૂં કાળજુ અને અ પંથ માંગે તારા રાણી લોચન રે . . .
એ પંથ માંગે ગરથ ભંડાર રે અને પંથ માંગે પૃથ્વીનું રાજ રે . . .
અમે ધરમે આપું રોહિતદાસ રે ધરમે આપું કાયા કેરૂં કાળજુ . . .
અને ધરમે વેચાવુ તેણી વાર રે ધરમે આપું તેજી ઘોડો હંસલો . . .
અને ધરમે આપુ તેણી વાર રે ધરમે આપું ગરથ ભંડાર . . .
અને ધરમે આપું તારા રાણી લોચન અને ધરમે આપું પૃથ્વીનું રાજ . . .
સતગુરૂ તે વચને વેચાયા અને રાજ મેલ્યું તેણી વાર રે . . .
મહેલ અને મંદિર માળીયા મેલ્યા અને અયોધ્યા મેલી તેણી વાર રે . . .

૬૮. મંગળ

રાજા પહેલું મંગળ વરતાયું વર કન્યા ચોળી માંય રે
રાજા આપી શકો તો આપજો નહી તો વારીને કહેજો ના રે
રાજાએ ઘોડો આપ્યો ચાબુક સાથે રાજા હરિશચન્દ્રે દીધાં ભલે દાન રે

રાજા બીજુ મંગળ ભલે વરતાયું વર કન્યા તો ચોળી માંય રે
રાજા આપી શકાય તો આપજો નહી તો વારીને ના કહેજો
રાજાએ હસતે આપ્યા હાંકણ લગી રાજા હરિશચન્દ્રે દીધાં ભલે દાન રે

રાજા ત્રીજુ મંગળ વરતાય રે વર કન્યા તો ચોળી માંય રે
રાજા આપી શકાય તો આપજો નહી તો વારીને ના કહેજો
રાજાએ ગરથ આપ્યું કુચી લગી રાજા હરિશચન્દ્રે દીધાં ભલે દાન રે

રાજા ચોથુ મંગળ વરતાય રે વર કન્યા તો ચોળી માંય રે
રાજા આપી શકાય તો આપજો નહી તો વારીને ના કહેજો
રાજાએ પૃથ્વી આપી લેખણ લખી રાજા હરિશચન્દ્રે દીધાં ભલે દાન રે

રાજાને પાયે ખુંચી ઝીણી કાંકરી અને ઉપર વરસે મેઘ રે
આવા અયોધ્યાનાં રાજા જેની સતે દાઝે દેહ રે
ઘેલા રાજા સેજ તળાઇમાં સુતા જેને ખુંચતા ઝીણાં સુત રે

આપણો રોહિતદાસ પડીયો પાય રે મારો લાડકવાયો પુત્ર રે
કઠિયારો વેચે કાઠી લાકડાં ઘરની નાર વેચે હરિશચન્દ્ર રાય રે
અયોધ્યા નગરનો રાજા જેનાં રૂઠીયા ત્રિભોવન નાથ રે

"ગોર વૃજેષ્ઠર ઋષી" એમ બોલ્યા સાંભળો રૂખેશર ભાઇ
સતપંથ હેતે ધરી ધાયા જેમ હરિશચન્દ્ર તારા દે રાણી

૬૯. કાયાનું શાસ્ત્ર

અરે મન ભમરા તું લોભીયો માયા કુલડે લોભાણી
દાન દો કાપે ખણાં, આખરે મીટ્ટી મેં મીલ જાએ
અરે મન ભમરા તું લોભીયો . . . . .

સુકે રે ના ભીજે કેવડો તુટી રે ટકી માલા
બેળી ચલી શાહો ચલ ગયે, ચલ ગયા લાખ દો લાખ
અરે મન ભમરા તું લોભીયો . . . . .

રાજ કરતા રે ગોખે બેસતાં ચલ ગયા સિંચણહાર
અરે મન ભમરા તું લોભીયો . . . . .

લખપતિ, છત્રપતિ ચલ ગયા
વલ ગયે લાખ દો લાખ, રાજ કરતા ગોખે બેસતા
અરે મન ભમરા તું લોભીયો . . . . .

ઉગીયો સુરજ દિન આથમે કુલડાં શો હોય કરમાય
ચણીયા મંદિર શો ઢળી પડયાં, જાણીયા સો મરી જાએ
અરે મન ભમરા તું લોભીયો . . . . .

કોનાં છોરૂ ને કોનાં વાછરૂ કોના માં ને બાપ
અંતઃકાળે પ્રાણી જાવું એકલું, સાથે પુણ્ય ને પાપ રે
અરે મન ભમરા તું લોભીયો . . . . .

માયાને જીવડોએ બાંધ્યો મિથ્યા જનમ ગુમાવ્યો
મારું મારું કરતાં મરી ગયો, કોનાં કુટુંબ પરિવાર
અરે મન ભમરા તું લોભીયો . . . . .

ભણે “ઇમામશાહ” કાયા વશ કરી કોઇ ચાલો અમારી સાથે
આપણાં પ્રાણને ઓળખો, લેખું ગોરજી ને હાથ અરે મન ભમરા તું લોભીયો . . . . .

realpatidar.com

૭૦. ભાઇ હેતે મળો અને સતે ચાલજો અને જુઠ કરો સર્વે દુર

ભાઈ હેતે મળો અને સતે ચાલજો અને જુઠ કરો સર્વે દુર
આ સતપંથ સેવા તો ફળે જો નિર્મળ કરીને પીઓ નુર

ભાઈ નુર પીએ અને નામ લીજીએ અને મન લરજીને ઉજળા થાઓ
જો લોભ સ્વાર્થ કાળને વારીએ તો તમે સહી અમરાપોર જાઓ

ભાઈ એણે કાળ ક્રોધ શેર લુંટા અને લુંટા તગ્રંથ ભંડાર
હીરો રતન ઝવેર લુંટીયા પછી તે વસ્તુ અપાર

તોયે મુરખ હૃદય માંહે નવ જાણીએ તેણે ખોયો વસ્તુ સર્વે માલ
રોજ કયામત જયારે આવશે ત્યારે કેમ કરી દેશો જવાબ

તેને ચોર કરીને સાહેબ બાંધશે અને દેવરાવશે તે ઘણનો માર
જયારે હૈયામાંથી અગ્ની પ્રજાળશે ત્યારે જીવડો કરશે પોકાર

ભાઈ સતી હોય તે અણસતી કહાવે તેનાં ફેરા વન જેવાં રે મુળ
જે ઇમાન વિના ઉખડી ગયાં તેને મોઢે પડશે દોહખની ધુળ

સતપંથ લઇને જે ઉતરીયા તે તો પાકી હાંડી રે તોલ
તે ટાંકર દેતા ટુકડા હોય તેને જમીન આસમાન ન સંઘરે

જે કોઇ સતપંથ લઇને અળગા રહ્યાં તેને લાગ્યો નીલનો રે પાશ
વસાણું હતું તે તો લુંટાઇ ગયું પછી ખાલી રહ્યો સુવાસ

ભાઈ કરમે કાળા તે સદાયે કાળા મુનિવર જ્ઞાન વિચારી જોય
દુધે ધોઇલા કોયલે તે તો ના ઉજળો રે હોય

ભણે *"ઇન્દ્ર ઇમામશાહ"* તને સુણો મુનિવરો અને તમે રાખો આપણું આપ
તમે જો ખોટા કરવત કરશો તો તમને ખાયે વિંછી ને સાપ

૭૧. ઘટે પુજા ને ઘટે તીરથ ન્હાવા . . .

ઘટે પુજા ને ઘટે તીરથ ન્હાવા . . .
એણી ઘટે બ્રહ્માજી, એણી ઘટે વિષ્ણું, એણી ઘટે મહેશ્વર દેવ પુજાયા
જીરે આવ્યા રે નારાયણ દેવ ઘટ સ્વામી

આજ કળજુગનાં વાર પુરૂષ તમે સેવા રે સારંગ દેવ . . .
જીરે આવ્યા રે નારાયણ દેવ ઘટ સ્વામી

સેવકો ને પાત્ર નકલંકી રૂખીઓનો તારણહાર . . .
જીરે આવ્યા રે નારાયણ દેવ ઘટ સ્વામી

કર્તાયુગનાં દ્વારા સ્વામી ઉત્તર દિશાએ આવીયા . . .
જીરે આવ્યા રે નારાયણ દેવ ઘટ સ્વામી

ત્રેતાયુગનાં દ્વારા સ્વામી પુર્વ દિશા એ આવીયા . . .
જીરે આવ્યા રે નારાયણ દેવ ઘટ સ્વામી

દ્વાપરયુગનાં દ્વારા સ્વામી દક્ષિણ દિશા એ આવીયા . . .
જીરે આવ્યા રે નારાયણ દેવ ઘટ સ્વામી

આજ કળયુગમાં પશ્ચિમ દિશાએ આવીયા . . .
જીરે સેવકો ને પાત્રે નકલંકી ગોર નર જીરે આવ્યા રે નારાયણ દેવ ઘટ સ્વામી

કર્તાયુગમાં કુંજળ દાન, ત્રેતાયુગમાં તોરીગ દાન . . .
દ્વાપરયુગમાં ગૌ દાન, કળયુગમાં અન્ન દાન દેશો
જીરે આવ્યા રે નારાયણ દેવ ઘટ સ્વામી

બગપુર, હંસપુર, સામપુર, આજ ઇમામપુરી નગરીમાં તખ્તા રચાયા રે . . .
જીરે આવ્યા રે નારાયણ દેવ ઘટ સ્વામી

એમ બોલ્યા *"સદ્‌ગોર સહદેવ"* સ્વામી . . .
તમારે અનંત કરોડી પાંચ, સાત, નવ, બાર આવી અનંત કરોડીનો વર લાવ્યા રે
જીરે આવ્યા રે નારાયણ દેવ ઘટ સ્વામી

કર્તાયુગમાં વનદાગ, ત્રેતાયુમાં જળદાગ, દ્વાપરયુગમાં અગ્નીદાગ
આજ કળયુગમાં ભુમીદાગ દેશોજી
જીરે આવ્યા રે નારાયણ દેવ ઘટ સ્વામી

૭૨. આપો ભંડાર જો અખુટ થાએ

આપો ભંડાર જો અખુટ થાએ . . .
તો ઇકોતેરસો બેઠા અનામત ખાય

સતપંથ મળવું ને સાચુ પરમાણો
સત વિનાં બોલે તે જુઠા જાંણે

જે દમ બોલો ને સતે રે ચાલો
સતે જઇ અમરાપોર માં મહાલો

વેળા રે વિચારીને ચાલો
દશોદ સુકરીત ગોરજીને આલો

એ રે જ્ઞાન બોલ્યા *"ઇન્દ્રે ઇમામશાહ"*
તમે સાંભળો મારા મુનિવર ભાઇઓ

૭૩. બોલો બોલો પીરશાહનું નામ પ્રેમથી રે

બોલો બોલો પીરશાહનું નામ પ્રેમથી રે
તારૌ થઇ જાશે બેડો પાર . . . . . બોલો બોલો પીરશાહનું નામ પ્રેમથી રે

ભકત પ્રહલાદ બોલ્યા પ્રેમથી રે
આવી સ્થંભમાં પુરીયો વાસ . . . . . બોલો બોલો પીરશાહનું નામ પ્રેમથી રે
કરોડી પાંચ ઊતરીયા પાર . . . . . બોલો બોલો પીરશાહનું નામ પ્રેમથી રે

ભકત હરિશચન્દ્ર બોલ્યા પ્રેમથી રે
કાશીખંડમાં વેચાયા આપો આપ . . . . . બોલો બોલો પીરશાહનું નામ પ્રેમથી રે
કરોડી સાત ઉતારીયા પાર . . . . . બોલો બોલો પીરશાહનું નામ પ્રેમથી રે

ભકત યુધિષ્ઠર બોલ્યા પ્રેમથી રે
એણે હિમાડે ગારીયા હાડ . . . . . બોલો બોલો પીરશાહનું નામ પ્રેમથી રે
કરોડી નવ ઉતારીયા પાર . . . . . બોલો બોલો પીરશાહનું નામ પ્રેમથી રે

પીર સહદેવ બોલ્યા પ્રેમથી રે
એણે કાગજનાં કીધા જહાજ . . . . . બોલો બોલો પીરશાહનું નામ પ્રેમથી રે
કરોડી બાર ઉતારીયા પાર . . . . . બોલો બોલો પીરશાહનું નામ પ્રેમથી રે

જે કોઇ ગાઇ શીખે ને સાંભળે રે
તેનો વૈકુંઠમાં હોંશે વાસ . . . . . બોલો બોલો પીરશાહનું નામ પ્રેમથી રે

૭૪. આજે સો સો વરસનાં વહાણા વહી ગયાં.

આજે સો સો વરસનાં વહાણા વહી ગયાં
જાંણે હજી કાલ સવારની વાત રે . . . . .
નાચા કાનમ કુંકસમાં તમારા ધામ છે . . . (૨)

એનાં એ મંદિરમાં તમારા ધામ છે
ત્યાં તો તમારા ગાદી તકીયા રંગત રે . . . . .
નાચા કાનમ કુંકસમાં તમારા ધામ છે . . . (૨)

એનાં એ લીમડા છે તારા ધામમાં
ઉપર ફરકે ધોળા નિશાન રે . . . . .
નાચા કાનમ કુંકસમાં તમારા ધામ છે . . . (૨)

સમાધી લીધી છે નાચાએ પ્રેમની
ચૈતર સુદ તેરસને ગુરૂવાર રે . . . . .
નાચા કાનમ કુંકસમાં તમારા ધામ છે . . . (૨)

તીથી ભાદરવા સુદ બીજને
નાચા તમારી જન્મ-તીથી ઉજવાય રે . . . . .
નાચા કાનમ કુંકસમાં તમારા ધામ છે . . . (૨)

લોચન આપે નાચાજી અંધને
લુલા-પાંગરા આવે તમારા દ્વાર રે . . . . .
નાચા કાનમ કુંકસમાં તમારા ધામ છે . . . (૨)

૭૫. ભાભા પીરાણેથી પડછો રે લાવ્યા

ભાભા પીરાણેથી પડછો રે લાવ્યા
લાવી મેલ્યો દિવાને શાન રે ભાભારામ . . . . .અખંડ દીવો તમારે ઓરડે

ભાભા કીકીબાઇ તમારી બેનડી
એતો ભુખ્યાને ભોજન આપે રે ભાભારામ . . . . . અખંડ દીવો તમારે ઓરડે

ભાભા ઉચા તે દેવળ દેરાં રે આસમાનમાં
તમારા દેરાંનાં દર્શન થાય રે ભાભારામ . . . . . અખંડ દીવો તમારે ઓરડે

ભાભા હોતે ભગત તમારી ઓલ કરે
તમે વાંઝીયાને પારણા ઝુલાવ્યા રે ભાભારામ . . . . . અખંડ દીવો તમારે ઓરડે

ભાભા મરણ ઘાટ રે અમને મહેર સુઝે
તમને સુઝે છે છ મહિનાની માંય રે ભાભારામ . . . . . અખંડ દીવો તમારે ઓરડે

ભાભા સાચા દિલથી તમારી માનતા કરે
તમે આઇવા તે અવીચર વેણ રે ભાભારામ . . . . . અખંડ દીવો તમારે ઓરડે

ભાભા સાત રે પેઢીનો કોલ તમને દીધો
તમે કીધાં છે વ્રત સારા રે ભાભારામ . . . . . અખંડ દીવો તમારે ઓરડે

(જો કયાંક શબ્દ કે જોડણીની ભૂલ રહી હોય તો સુધારીને વાંચવું)